


♦જોડણી♦

આ ઈ.બુકમાં માત્ર એક જ 'ઈ'–'ઉ' વાપર્યા છે.

VISIT…

LANZAROTE
Caliente.COM

II

‘સમ્બન્ધમીમાંસા’

‘SambandhMimaansaa’

By : **Dr. Shashikant Shah**

●લેખક–પ્રકાશક●

ડૉ. શશીકાન્ત શાહ

35, આવીષ્કાર રો હાઉસ, તાડવાડી, રાંદેર રોડ, સુરત – 395 009

સમ્પર્ક : 0261 – 277 6011 મોબાઈલ : 98252 33110

●આવૃત્તી પહેલી●

પ્રત : 2250, માર્ચ, 2017

♦મુદ્રક♦

પ્રોગ્રેસીવ પ્રીન્ટીંગ પ્રેસ

શીવરામ ડાઈંગની ગલી, ખટોદરા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ખટોદરા,

સુરત – 395002 ફોન : 0261 – 263 1700

અનુક્રમણીકા

III

(A page for eBook)

eBook : 'SambandhMimaansaa' By **Dr. Shashikant Shah**

●લેખક–પ્રકાશક●

ડૉ. શશીકાન્ત શાહ

35, આવીષ્કાર રો હાઉસ, તાડવાડી, રાંદેર રોડ, સુરત – 395 009

સમ્પર્ક : 0261-277 6011 મોબાઈલ : 98252 33110

મુલ્ય : વાચકમીત્રોના સમ્બન્ધો ફુલે–ફાલે...

●ઈ.બુક પ્રકાશક●

મણી મારુ,

405, સરગમ એપાર્ટમેન્ટ, કૃષી યુનીવર્સીટી સામે, નવસારી.

પોસ્ટ : એરુ એ. સી. – 396450 સેલફોન : 9537 88 00 66

ઈ.મેઈલ : govindmaru@gmail.com

♦ આ ઈ.બુકનું સમ્પુર્ણ સૌજન્ય♦ **એક શુભેચ્છક તરફથી...**

●પ્રુફવાચન સૌજન્ય●

ઉત્તમ ગજ્જર

ગુરુનગર, વરાછા રોડ, સુરત- 395 006

ફોન : 0261-255 3591 ઈ.મેઈલ : uttamgajjar@gmail.com

♦ઈ.બુક અક્ષરાંકન♦

'મણી મારુ' પ્રકાશન વતી : ગોવીન્દ મારુ 'અભીવ્યક્તી'

સેલફોન : 9537 88 00 66 ઈ.મેઈલ : govindmaru@gmail.com

અનુક્રમણીકા

●સૌજન્ય●

સ્વ. ભારતીબહેન વીજયભાઈ શાહ

(મુમ્બઈ)ના પુણ્ય સ્મરણાર્થે... 250 કૉપી



કમુબહેન નાથુભાઈ દેસાઈ ચેરીટેબલ ટ્રસ્ટ

મુ : કરમલા તા : ઓલપાડ જી : સુરતના

સૌજન્યથી... 500 કૉપી



ડૉ. જીતુભાઈ સી. શાહ

વડાવલીવાળા પરીવાર તરફથી સપ્રેમ... 250 કૉપી



એક શુભેચ્છક તરફથી... 500 કૉપી



શ્રી. ગણપતભાઈ વી. સોલંકી

અખંડાનન્દ વીદ્યાભવન, વેડરોડ, સુરત

તરફથી સપ્રેમ... 250 કૉપી



પ્રણવ–ભારતી પચ્ચીગર પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ, સુરત

હસ્તક : ટ્રસ્ટી શ્રી. કીરીટભાઈ વસંતલાલ પચ્ચીગર અને જયશ્રીબહેન

કીરીટભાઈ પચ્ચીગર તરફથી

સપ્રેમ... 250 કૉપી



સીનીયર સીટીઝન ક્લબ (ગોરાટ),

ગોરાટ–હનુમાન રોડ, રાંદેર રોડ, સુરત – 395 009

તરફથી જન્મદીન નીમીત્તે સપ્રેમ... 250 કૉપી

મોબાઈલ : 94271 69596



અનુક્રમણીકા

V

●અર્પણ●



પ્રીયંકા

દૌહીત્રી



રાહુલ

દૌહીત્ર

તથા



સાક્ષી

પૌત્રી

જેમના આગમન પછી

સમ્બન્ધનો અર્થ વધુ સ્પષ્ટ થયો

અનુક્રમણીકા

VI

અનુક્રમણીકા

'લેખનું શીર્ષક' કૉલમમાં આપની પસંદગીના લેખ પર ક્લીક કરતાં જ, તે લેખનું પાનું ખુલશે. એ જ પ્રમાણે દરેક લેખમાં જે તે 'લેખના શીર્ષક' નીચેના બોક્સ આઈટમની નીચે જમણી બાજુએ લખવામાં આવેલ 'અનુક્રમણીકા' શબ્દ પર ક્લીક કરતાં જ આ અનુક્રમણીકા ખુલશે. આ સુવીધાનો લાભ લેવા વાચકોને વીનન્તી છે.

અનુક્રમણીકા

VII

'સમ્બન્ધમીમાંસા'ની 'ઈ.બુક'ને
આવકાર અને આભાર..

આદરણીય વડીલમીત્ર શ્રી. ઉત્તમ ગજ્જરના માર્ગદર્શન હેઠળ શ્રી. ગોવીન્દ મારુએ મારી પુસ્તીકા 'સમ્બન્ધમીમાંસા'ને 'ઈ.બુક'માં રુપાન્તરીત કરી છે, જે ખુબ આનન્દના સમાચાર છે. 'સમ્બન્ધમીમાંસા'ને વીદેશસ્થીત વાચકમીત્રો સુધી પહોંચાડવાનું ખર્ચાળ અને મુશ્કેલ છે. પરન્તુ આ ઈ.બુક તો આંગળીના ટેરવે દેશ–વીદેશમાં પહોંચવાની! બન્ને રૅશનાલીસ્ટ મીત્રો ઉત્તમ વીચારોને વીશ્વભરમાં ફેલાવવાના સેવાયજ્ઞમાં ઘણાં વર્ષોથી પ્રવૃત્ત છે. તેમાંયે ઉત્તમભાઈ તો બ્યાંસી વર્ષની જૈફ વયે પણ આ ઉદ્યમને ટકાવી રાખી, 'સન્ડે ઈ.મહેફીલ'ના માધ્યમથી ઉત્તમ સાહીત્ય સર્વત્ર ફેલાવી રહ્યા છે. સુવીચારોની સુગંધ સમાજમાં પ્રસરે એટલે સમાજની ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો થાય છે. આ બન્ને મીત્રોના સેવાકાર્યની આ અસર માપી નથી શકાતી; અનુભવી શકાય છે.

'સમ્બન્ધમીમાંસા'ની ઈ.બુક આંતરરાષ્ટ્રીય સ્તરે માનવ–માનવ વચ્ચેના સમ્બન્ધો સુદૃઢ બનાવવામાં સહાયક નીવડશે એવી શ્રદ્ધા છે. વીશેષતઃ આ ઈ.બુક નવી પેઢીનાં તરવરીયાં યુવાન–યુવતીઓ સુધી પહોંચે એવી મારી ખ્વાહીશ છે. કહેવાતા પ્રેમના

નામે થતી આત્મહત્યાઓ અટકાવવામાં કે ઓછી કરવામાં આ ઈ.બુક અવશ્ય પોતાનું પ્રદાન નોંધાવશે. 'સમ્બન્ધ'નો અર્થ પ્રેમીજનોને સમજાય તો ઈ.બુકના નીર્માણ પાછળ 'ગઝ્ઝર–મારુ' બેલડીએ ઉઠાવેલો શ્રમ સાર્થક! હું પુનઃ આદરણીય શ્રી. ઉત્તમભાઈને અને શ્રી. ગોવીન્દભાઈને આ મંગલકાર્ય સમ્પન્ન કરવા માટે ધન્યવાદ પાઠવું છું.

...શશીકાન્ત શાહ...

35, આવીષ્કાર રો હાઉસ, તાડવાડી,

રાંદેર રોડ, સુરત – 395 009

ફોન : 0261-277 6011 મોબાઈલ : 98252 33110



(ડાબેથી લેખકશ્રી ડૉ. શશીકાંતભાઈ, સૌ. કુમુદબહેન, પૌત્રી સાક્ષી, પુત્રવધુ નીધીબહેન અને પુત્ર સમીર શાહ)

અનુક્રમણીકા

VIII

દીલની વાતો

'ગુજરાતમીત્ર'ની 'માણસ નામે ક્ષીતીજ' કૉલમમાં સમ્બન્ધ અંગેના લેખો પ્રસીદ્ધ થતા ગયા તેમ તેમ વાચકો તરફથી વીનન્તી આવવા માંડી : **'અમને આ બધા લેખોની પુસ્તીકા મળે એવું કરજો.'** પ્રીય વાચકોની માગણીને કઈ રીતે ઈન્કારી શકાય? આપ સૌ વાચકોને 'સમ્બન્ધમીમાંસા' સમર્પીત કરતાં આનન્દની લાગણી અનુભવું છું.

'ગુજરાતમીત્ર'ની મારી બન્ને કૉલમોને અનહદ પ્રેમ અને આવકાર આપનારા **પ્રીય વાચકમીત્રો**નો હૃદયપુર્વક આભાર માનું છું.

'ગુજરાતમીત્રે' મારામાં વીશ્વાસ મુકીને, મને કૉલમ લખવાની તક આપી, તે માટે આદરણીય શ્રી. ભરતભાઈ રેશમવાળાનો, કેતકીબહેન રેશમવાળાનો અને 'ગુજરાતમીત્ર' પરીવારનો ભાવપુર્વક ઋણસ્વીકાર કરું છું.

આ પુસ્તીકાને પુરસ્કૃત કરનાર સૌ ઉદાર દીલ મીત્રોનો હૃદયપુર્વક આભાર માનું છું.

– શશીકાંત શાહ

અનુક્રમણીકા

IX

એટલે તો બહુ વધારે યશ હજી પામ્યો નથી,
ક્યાંય ફેલાઈ જવાનો શોખ મેં રાખ્યો નથી.

તું ભલે ઉડે, ઉડી લે; આભને તારું ગણી,
હું અહીં થોભું છું, મારો એ વખત આવ્યો નથી.

આશ એવી રાખ નહીં કે, ડાળ પર ફુલો ઉગે,
તેં કદી તારા હૃદયમાં છાંયડો પાળ્યો નથી.

દોસ્ત! હું નારાજગી એની હવે સમજી ગયો,
જે બતાવ્યો માર્ગ એણે, એ તરફ ચાલ્યો નથી.

રોજ સાંજે હું જ મારો થાઉં મહેતાજી સતત,
મેં હીસાબો રાખનારો ક્યાંય પણ રાખ્યો નથી!

...સુનીલ શાહ...

.સુરત.

sunilshah101@gmail.com

અનુક્રમણીકા

X

મહાન માણસોને
એમની મહાનતા બદલ
શી રીતે સજા કરવી તેની
ગતાગમ ન હોવાને કારણે
વીધાતા એમને ચેલાઓ
આપીને સજા કરે છે.

...જ્યોર્જ બર્નાર્ડ શો...

: સૌજન્ય :

‘એક્લતાના ઍવરેસ્ટ પર’
લેખક : ગુણવંત શાહ

અનુક્રમણીકા

XI

અમારાં પ્રકાશનો

નવી દૃષ્ટી, નવા વીચાર, નવું ચીન્તન માણવા ઈચ્છતા વાચક બીરાદરો માટે ‘મણી મારુ પ્રકાશને’ ઈ.બુક્સનું પ્રકાશન કરવાનું કાર્ય ઉપાડી લીધું છે. અમારું પ્રત્યેક પ્રકાશન માત્ર સદ્ વીચારોના પ્રસાર માટે વાચકોને નીઃશુલ્ક મળે છે. અમે જુન, 2017 સુધીમાં આ સાથે ચૌદ ઈ.બુક્સનું પ્રકાશન કર્યું છે :

1 ‘અભીવ્યક્તી’ બ્લોગ પર મુકાયેલા પ્રા. રમણ પાઠક (વાચસ્પતી)ના 25 લેખોની ‘અભીવ્યક્તી’–ઈ.બુક – 01 (પાનાં : 113; મુલ્ય : મફત)

2 ‘અભીવ્યક્તી’ બ્લોગ પર મુકાયેલા શ્રી. દીનેશ પાંચાલના 25 લેખોની ‘અભીવ્યક્તી’–ઈ.બુક – 02 (પાનાં : 108; મુલ્ય : મફત)

3 ‘અભીવ્યક્તી’ બ્લોગ પર મુકાયેલા શ્રી. મુરજી ગડાના 25 લેખોની ‘અભીવ્યક્તી’–ઈ.બુક – 03 (પાનાં : 127; મુલ્ય : મફત)

4 પ્રા. રમણ પાઠક (વાચસ્પતી)ના ચીન્તનાત્મક 37 લેખોની (ઈ.બુક) – ‘વીવેક–વલ્લભ’ (પાનાં : 190; મુલ્ય : મફત)

5 પ્રા. રમણ પાઠક (વાચસ્પતી)ના 18 વીષયો પર લખેલા ચીન્તનાત્મક લેખોમાંથી 206 રૅશનલ મુદ્દાઓ તારવી કાઢીને

‘વીવેકવીજય’ ગ્રંથ તૈયાર કર્યો છે. આ ગ્રંથની (ઈ.બુક) – ‘વીવેકવીજય’ (પાનાં : 131; મુલ્ય : મફત)

6 શીક્ષણવીદ્ ડૉ. શશીકાંત શાહની ઈ.બુક ‘આનન્દની ખોજ’ (પાનાં : 53; મુલ્ય : મફત)

7 શીક્ષણવીદ્ ડૉ. શશીકાંત શાહની ઈ.બુક ‘ટીન–એજ’માં બોયફ્રેન્ડથી સાવધાન’ (પાનાં : 51; મુલ્ય : મફત)

8 ‘અભીવ્યક્તી’ બ્લોગ પર મુકાયેલા શ્રી. રોહીત શાહ ના 25 લેખોની ઈ.બુક‘અભીવ્યક્તી’–ઈ.બુક – 04 ‘અધ્યાત્મના આટાપાટા’ (પાનાં : 111; મુલ્ય : મફત)

9 શીક્ષણવીદ્ ડૉ. શશીકાંત શાહની ઈ.બુક ‘આનન્દનું આકાશ’ (પાનાં : 116; મુલ્ય : મફત)

10 પ્રા. રમણ પાઠક (વાચસ્પતી)ની આત્મકથાની (ઈ.બુક) – ‘આત્મઝરમર’ (પાનાં : 257; મુલ્ય : મફત)

11 આર્યસમાજી અને લેખક શ્રી. નાથુભાઈ ડોડીયાની ઈ.બુક ‘દુઃખ નીવારણના ભ્રામક ઉપાયો’ (પાનાં : 26; મુલ્ય : મફત)

12 રેશનાલીસ્ટ અને લેખક શ્રી. એન.વી. ચાવડાની ઈ.બુક ‘ચાર્વાક દર્શન’ (પાનાં : 96; મુલ્ય : મફત)

13 ‘અભીવ્યક્તી’ બ્લૉગ પર મુકાયેલા શ્રી. દીનેશ પાંચાલના 20 લેખોની ઈ.બુક ‘અભીવ્યક્તી’–ઈ.બુક – 05 ‘સત્યસન્દુક’ (પાનાં : 110; મુલ્ય : મફત)

14 શીક્ષણવીદ્ ડૉ. શશીકાંત શાહની ઈ.બુક ‘સમ્બન્ધમીમાંસા’ (પાનાં : 83; મુલ્ય : મફત)

આ બધી જ ‘ઈ.બુક્સ’ મારા **‘અભીવ્યક્તી’** બ્લૉગ https://govindmaru.wordpress.com/e-books/, **‘અક્ષરનાદ’** વેબસાઈટ **http://aksharnaad.com/downloads** , **‘લેક્સિકોન’** વેબસાઈટ **http://www.gujaratilexicon.com/ebooks/** તેમ જ **‘ઈસુ’** વેબસાઈટ https://issuu.com/ પર મુકવામાં આવી છે. સૌ વાચક બંધુઓને ત્યાંથી તે **‘ઈ.બુક્સ’ નીઃશુલ્ક** ડાઉનલોડ કરવા વીનંતી છે.

મણી મારુ

●‘ઈ.બુક’ પ્રકાશક●

405, સરગમ એપાર્ટમેન્ટ,

કૃષી યુનીવર્સીટી સામે, નવસારી.

પોસ્ટ : એરુ એ. સી. – 396 450

સેલફોન : 95 37 88 00 66

ઈ.મેઈલ : govindmaru@yahoo.co.in

અનુક્રમણીકા

01

તુટેલા સમ્બન્ધ પાછળ રડવાની જરુર નથી...

> ‘વ્યક્તીત્વ વીકાસ’ના કોર્સમાં ‘સમ્બન્ધોનું સૌન્દર્ય’ વીષય પર ચર્ચા ચાલી રહી હતી. આધુનીક યુગમાં સમ્બન્ધનાં ક્ષેત્રે પ્રત્યેક માણસ, એક વીશીષ્ટ અનુભવમાંથી પસાર થાય છે, જેમાં સમ્બન્ધોનું તુટવું કે ભુલાઈ જવું અને નવા સમ્બન્ધોનું રચાવું સમાવીષ્ટ છે. ઑડીટૉરીયમમાં બેઠેલા એંસી પ્રશીક્ષણાર્થીઓને એક પ્રશ્ન પુછવામાં આવ્યો; ‘છેલ્લાં દસ વર્ષમાં એક પણ સમ્બન્ધ તુટ્યો ન હોય, એવું કોઈ છે આ સભાગૃહમાં?’ પ્રશ્ન પુછાયા પછી થોડી ક્ષણ સન્નાટો છવાઈ ગયો. ત્રીસેક વર્ષની એક યુવતીએ હાથ ઉંચો કર્યો; ‘સર, છેલ્લાં દસ વર્ષમાં અમારો એક પણ સમ્બન્ધ તુટ્યો નથી!’ મનગમતાં પાત્ર સાથેનો સમ્બન્ધ તુટી જવાથી આત્મહત્યા કરવા ઈચ્છતા યુવક–યુવતીઓને સમ્બન્ધોનું શાસ્ત્ર શીખવાની જરુર છે.’

અનુક્રમણીકા

ઓગણીસ વર્ષની ઉમ્મરના તરુણને, ચાર વર્ષના પ્રેમ સમ્બન્ધ પછી, એક અઢાર વર્ષની યુવતીએ, વધુ ધનવાન છોકરો મળ્યો, એટલે મધદરીયે ત્યજી દીધો. તરુણ ‘દેવદાસ’ની ભુમીકામાં આવી ગયો ! અભ્યાસમાંથી ચીત્ત હટી ગયું. ઉદાસ અને ગમગીન રહેવા માંડ્યો. તરુણની સાથે આવેલી મમ્મીએ

કહ્યું; ‘અમારો એકનો એક દીકરો છે. ખોવાયેલો ખોવાયેલો રહે છે. ડીપ્રેશનમાં આવી ગયો છે. આત્મહત્યાની કોશીશ કરી ચુક્યો છે. એને કોઈ પણ રીતે બચાવી લો.’ પ્રેમભંગને કારણે ‘ટીન–એજ’માંથી પસાર થઈ રહેલાં તરુણ–તરુણીઓ આત્મહત્યા તરફ વળે એવા કીસ્સાઓની સંખ્યા વધતી જાય છે. કાઉન્સેલીંગ માટે આવેલા નીર્દોષ, નાદાન, માસુમ છોકરા– છોકરીઓને મળીને હૃદય કમ્પી ઉઠે છે. સાથે આવેલી મમ્મીઓનો એક જ આર્તનાદ હોયછે : ‘સર, એને બચાવી લો. એની અત્યન્ત તેજસ્વી કારકીર્દી ભયમાં આવી પડી છે. છોકરીએ એની જીન્દગી બરબાદ કરી નાંખી!’ જ્યારે છોકરી પ્રેમભંગનો અનુભવ કરે ત્યારે માતા–પીતાનો આરોપ હોય છે : ‘છોકરાએ અમારી દીકરીને ફસાવી, ફેરવીને છોડી દીધી, એની જીન્દગી બરબાદ થઈ ગઈ!’

દસમાંથી ત્રણેક કીસ્સાઓમાં પ્રેમરોગ થર્ડ સ્ટેજમાં પહોંચી ગયો હોઈ, દર્દીને બચાવવાનું મુશ્કેલ બની જાય છે, ‘અમે જ્યારથી દીકરીને મોબાઈલ ફોન અપાવ્યો ત્યારથી અમારા ઉજાગરા વધી ગયા’, મમ્મી ઉવાચ.

‘દીકરીએ મોબાઈલ ધારણ કર્યાને કેટલાં વર્ષ થયાં?’ આપણો પ્રશ્ન.

‘જબ વો નાઈન્થ મેં થી તબ દીલાયા થા, ચાર સાલ હો ગયે.’

‘ચૌદ પન્દર વર્ષની દીકરીને મોબાઈલ ફોન અપાવ્યો, ત્યારે મોબાઈલનો ઉપયોગ કરવા અંગેના સંસ્કાર આપેલા?’ આપણો પ્રશ્ન.

‘વો ક્યા હોતા હૈ? હમેં કુછ પતા નહીં. હમારા પડૌસી આપકી બુક ‘ટીન–એજમાં બૉયફ્રેન્ડથી સાવધાન’ દે કર ગયા… લેકીન હમારી લડકી

ઈન્ટરનેશનલ સ્કુલમેં પઢતી હૈ... ઉસે ગુજરાતી પઢના નહીં આતા. હમારે નેબરને હી હમેં આપકે પાસ કાઉન્સેલીંગ કે લીયે ભેજા હૈ!'

પન્દર–સત્તરની ઉમ્મરનાં પુત્ર–પુત્રી પ્રેમના નામે કોઈ એક વીજાતીય પાત્ર સાથે શરીર સમ્બન્ધ બાંધી બેસે, ત્યાર પછી પરીવારમાં ભયાનક આંધી–તોફાનો શરુ થાય છે. ટીન–એજ દીકરા–દીકરીઓની સલામતી અંગે અનેક પરીવારોની ઉંઘ ઉડી ગઈ છે. પરીસ્થીતી હદની બહાર નીકળી ચુકી છે, દીકરા કે દીકરી પર કોઈ નીયન્ત્રણ રહ્યું નથી. 'તેઓ અમારું કહ્યું માનતા જ નથી' એવી ફરીયાદ સાથે માતા–પીતા માથું કુટે છે. આ બધી તકલીફોનું મુળ ક્યાં છે? આપણે પરીવારમાં ટીન–એજ સન્તાનોને 'સમ્બન્ધનું શાસ્ત્ર' ભણાવતા જ નથી તેનું આ પરીણામ છે. સમ્બન્ધશાસ્ત્ર ઉપર આ બધી વાતો લખવાનો વીચાર કેમ આવ્યો? એ વીચારના ઉદ્ભવ પાછળ બે પ્રસંગો નીમીત્ત બન્યા છે :

પોતાની સત્તર વર્ષની દીકરીને લગભગ ગુમાવી ચુકેલી મમ્મીએ મારો એક પ્રશ્ન બીજી વાર સાંભળવાની ઈચ્છા રાખી અને કહ્યું : 'હમ ગુજરાતી નહીં જાનતે...' 'આપને લડકીકો **'સમ્બન્ધો કા શાસ્ત્ર'** કભી પઢાયા હે? અગર આપને યે શાસ્ત્ર પઢાયા હોતા તો વો આવારા, બદચલન લડકોંસે બચકર રહ શકતી થી.' રાજસ્થાનની એ શીક્ષીત અને સંસ્કારી મમ્મીએ કહ્યું, 'હમારી લડકી તો ફંસ ચુકી, લેકીન આપ યહ શાસ્ત્ર પઢાના પ્રારમ્ભ કરેં... કઈ લડકે–લડકીયાં બચ પાયેંગે...' એમણે સાથે સાથે બીજી વાત ઉમેરી, ઔર 'ટીન–એજમાં બોય ફ્રેન્ડથી સાવધાન' યહ બુક કા હીન્દી યા અંગ્રેજીમેં અનુવાદ કરા કે ઉસે પ્રકાશીત કરેં!'

બીજો પ્રસંગ તો ખુબ મજાનો છે. મહેશભાઈ નામના એક વાચક મળવા આવ્યા. ચાળીસેકની ઉમ્મર હશે. તેઓ બે સન્તાનોના પીતા છે. 'શાણપણનાં મોતી'નામની મારી પુસ્તીકા એમના હાથમાં હતી. તેઓ થોડા નારાજ પણ હતા. મારી એ બુક મારા હાથમાં મુકીને બોલ્યા; 'પેજ નમ્બર બાસઠ પર શું છાપ્યું છે, જરા વાંચો તો...' હું વાતનો મર્મ પામી ગયો; કારણ કે પ્રેરણાત્મક સુવીચારોથી છલકાતી એ બુકમાં પેજ નમ્બર 62 'સોનાની થાળીમાં લોઢાની મેખ' જેવું છે એવું આ પુર્વે ડઝનેક વાચકોએ મને કહ્યું હતું. એ પૃષ્ઠ પર લખ્યું છે;

લગતા થા ઉનસે બીછડેંગે,
તો મર જાએંગે;
કમાલ કા વહમ થા!
કમબખ્ત બુખાર તક નહીં આયા!

મારે એ સૌને સમજાવવું પડ્યું : 'પોતાનો બૉયફ્રેન્ડ કે પોતાની ગર્લફ્રેન્ડ સાતમા–આઠમા શીકારની શોધમાં, બેવફાઈ આચરીને પ્રેમ સમ્બન્ધ તોડી નાંખે; ત્યારે વીરહની આગમાં તડપતા જીવો 'આત્મહત્યા'નો વીચાર કરવા માંડે છે. એમને લાગે છે કે હવે... પ્રીય પાત્ર વગર જીન્દગી જીવીને શું કરવાનું? આત્મહત્યા કરીને જીન્દગીનો અન્ત લાવવા ઈચ્છતા માસુમ 'ટીન–એજ' દીકરા–દીકરીઓને જીન્દગી જીવવાની પ્રેરણા આપવા આ સુવીચાર ટાંકવામાં આવ્યો છે. આત્મહત્યાના નીર્ધાર સાથે આવતા છેતરાયેલા, દુભાયેલા આત્માઓને હું કહું છું : 'છ–આઠ મહીના થોભી જાઓ, મરવાની આટલી બધી ઉતાવળ શા માટે? 'એના વગર હું જીવી નહીં શકું'. એ માન્યતા

અને એ ભય સદન્તર ગલત છે. મરવાની વાત તો દુરની છે, તમને સાદો તાવ સુધ્ધાં નહીં આવે... આનન્દથી જીવ્યે રાખો!'

જેમણે દુનીયા જોઈ નથી એવા વીસની નીચેની ઉમ્મરનાં સન્તાનો સમ્બન્ધનાં સમીકરણો સમજી ન શકે અને ઉકેલી ન શકે એ તો જાણે સમજ્યા; પરન્તુ સાઠની વય વટાવી ચુકેલા વરીષ્ઠ નાગરીકો પણ સમ્બન્ધોનાં જંગલમાં ભુલા પડીને મનની શાન્તી ગુમાવતા નજરે પડે છે. સમ્બન્ધ તુટે, નવા બન્ધાય, તુટે, નવા બન્ધાય એ વીષચક્ર ફરતું રહે છે. એમાંથી ઘણા બહાર નીકળવા ઈચ્છતા હોય છે; એમને રસ્તો જડતો નથી. સમ્બન્ધ સમ્બન્ધી સંશોધનો એવું સુચવે છે કે જીવનના પુર્વાર્ધમાં માણસોને સૌથી વધુ પજવતી સમસ્યા સમ્બન્ધોને ટકાવી રાખવા અંગેની હોય છે. તકલાદી સમ્બન્ધોને સાચવવાની ચીન્તામાં યુવાન મીત્રોએ રાતોની નીન્દ અને શરીર તથા મનનું સ્વાસ્થ્ય ગુમાવ્યાનાં અનેક ઉદાહરણો આપણી નજર સામે છે.

સમ્બન્ધોને કારણે સર્જાતી ખુવારી અપરીપકવતાની નીશાની છે. જો માણસની પાસે સાચી કેળવણી હોય તો એ તુટતા અને રચાતા સમ્બન્ધોને હળવાશથી લઈ શકે અને હતાશા–નીરાશાથી બચી શકે. સમ્બન્ધોને કારણે ઉભી થતી ઉપાધીઓથી બચવાનો એક જ માર્ગ છે; સમ્બન્ધ બાંધતી વખતે કાળજી રાખવામાં આવે. માતૃ–સમ્મેલનમાં એક શીક્ષીત મહીલાએ ગૌરવથી કહ્યું હતું : 'મેં મારી પન્દર વર્ષની દીકરીને વારંવાર એક વાત સમજાવી છે : બેટા, આપણે શાકભાજી ખરીદતી વખતે જેટલી કાળજી રાખીએ છીએ, એટલી કાળજી તો સમ્બન્ધ બાંધતી વખતે રાખવી જોઈએ ને? સમ્બન્ધને ઉંચી કીમ્મત ચુકવીને ખરીદવો પડતો નથી, એ મફતમાં મળી જાય છે એનો અર્થ એવો તો નથી કે ભવીષ્યમાં આપણને બ્લેકમેલ કરે એવા શેતાન છોકરા સાથે પણ સમ્બન્ધ બાંધી બેસીએ.' દીકરા–દીકરીઓને સમ્બન્ધનું શાસ્ત્ર

શીખવનારાં માતા–પીતાઓની સંખ્યા કેટલી? સમ્બન્ધોનું શાસ્ત્ર સમજાવતી આ બધી વાતો સન્તાનો સુધી પહોંચે એટલી તકલીફ લેવા વડીલોને વીનન્તી છે.



મેઘધનુષ

મુરખ માણસનાં લક્ષણો

– અરસીક માણસ પાસે પોતાના ગુણો જાહેર કરવા


– ક્રોધથી આપઘાત કરવા તૈયાર થાય

– વગર કારણે આમતેમ ભટકતો રહે

– વેશ્યાના પુરુષમીત્ર સાથે ઝઘડો કરે

– હીતનાં વચન કહેનાર સાથે વેર બાંધે

– બોલતાં બોલતાં ખુબ હસ્યા કરે.



02

નવા બન્ધાયેલા સમ્બન્ધને અજમાયશ પર રાખો...

> 'સમ્બન્ધમાં છેતરાવાનું થાય ત્યારે દોષીત છેતરનાર નહીં, છેતરાયેલી વ્યક્તી હોય છે. કેમ વારુ? પેલાં બહેને દીકરીને આપેલી સલાહ યાદ કરો; 'બેટા, આપણે શાકભાજી ખરીદતી વખતે જેટલી કાળજી રાખીએ છીએ એટલી કાળજી તો સમ્બન્ધ બાંધતી વખતે રાખવી પડે ને?'સમ્બન્ધના જંગલમાં ભુલો પડેલો માણસ પોતાને જ શોધવામાં નીષ્ફળ જતો હોય છે. નવા બન્ધાયેલા સમ્બન્ધને ઓછામાં ઓછાં ત્રણ વર્ષ 'પ્રોબેશન' પર રાખો. પહેલી કે બીજી મુલાકાતમાં જ મળનાર અજાણ્યા શખ્સ સાથે મીત્રતા બાંધી દેવી એ તો ભોળપણની પરાકાષ્ઠા છે. સમ્બન્ધ બાંધતી વખતે કાળજી રાખવામાં આવે તો સમ્બન્ધ કદી તુટે નહીં અને છેતરાવાની નોબત પણ ન આવે.'

અનુક્રમણીકા

રસ્તે જતાં આવતાં જે કોઈ માણસ ભટકાઈ જાય તે બધા 'સમ્બન્ધ'ને પાત્ર હોય છે? જેટલાં સમ્બન્ધ વધારે એટલી દુ:ખી થવાની સમ્ભાવનાઓ વધારે. સમ્બન્ધોનું મહત્ત્વ અનુસાર વર્ગીકરણ કરવામાં આવે અને એ વર્ગીકરણને આધારે જે તે સમ્બન્ધને સમય ફાળવવામાં આવે તો ઘણી સમસ્યાઓ ટાળી શકાય. આપણે સમ્બન્ધોની આંટીઘુટી ચર્ચવાની શરુઆત કરીએ તે પુર્વે બે સ્વાધ્યાય પુર્ણ કરી લઈએ :

1. આપણા સમ્બન્ધોનું જંગલ કેટલું વીસ્તરેલું છે? સમ્બન્ધોની અન્દાજે કુલ સંખ્યા કેટલી?

2. આપણા પ્રત્યેક સમ્બન્ધને તેના મહત્ત્વ અનુસાર વર્ગીકરણ કરીને એ+, એ; બી+, બી; સી+, સી; ડી+, ડી એમ આઠ વીભાગોમાં વર્ગીકૃત કરીએ.

આ સ્વાધ્યાય સમજી વીચારીનેસફળતાપુર્વક થઈ શકે એ માટે થોડી સમજુતી આપું :

તમામ સમ્બન્ધોમાંથી જે સમ્બન્ધ સૌથી મહત્ત્વના હોય તેને એ+ વીભાગમાં સ્થાન આપો. જે વાચકમીત્રો ભગવાનમાં માનતા હોય એ મીત્રો આ વીભાગમાં પોતાના પ્રભુ સાથેના સમ્બન્ધને મુકી શકે. જીવનસાથીને, સન્તાનોને કે માતાપીતાને આ વીભાગમાં સ્થાન મળે. આપણે માટે કયો સમ્બન્ધ સૌથી મહત્ત્વનો છે તે ગમ્ભીરતાપુર્વક વીચારીને પછી નીર્ણય લેવાનો રહે. જો ભગવાનમાં માનતા હોઈએ તો એમને એ+ વીભાગમાં મુકવા માટેનાં કારણો આ પ્રમાણે ગણાવી શકાય:

- આ એક માત્ર સમ્બન્ધ એવો છે જ્યાં સામા પક્ષે કોઈ જ અપેક્ષા હોતી નથી.
- તેઓ સમ્બન્ધ તોડવાની ધમકી નથી આપતા.
- તેઓ કદી આપણાથી રીસાતા નથી.
- તેઓ કદી કોઈ ત્રીજી, ચોથી વ્યક્તીને આપણી વીરુદ્ધ ફરીયાદ નથી કરતા, આપણી બુરાઈ, નીન્દા–ટીકા નથી કરતા.

જો જીવનસાથી, માતા–પીતા કે સન્તાનોમાં આ પ્રકારનાં લક્ષણો જોવા મળે તો આપણે એમને પણ એ+ કક્ષામાં મુકી શકીએ.

‘એ’ વીભાગમાં સૌથી મહત્ત્વના દુન્યવી સમ્બન્ધોને સ્થાન મળે. પતી, પત્ની, માતા–પીતા, ભાઈ–બહેન તથા એકાદ બે અત્યન્ત વીશ્વાસુ મીત્રોને પણ અહીં સમાવી શકાય.

જો પત્ની કે પતી ઝઘડાખોર હોય, સતત કચકચ કર્યા કરતા હોય, શારીરીક અને માનસીક રીતે હર્ટ કરતા હોય તો એમને ‘સી’ કે ‘ડી’ કેટેગરીમાં સ્થાન આપો.

એક જ સંસ્થામાં સાથે સેવા આપતા સ્ટાફમીત્રો સામાન્યતઃ ‘સી’ કે ‘ડી’ કક્ષામાં આવે. જેમની સાથે નીકટતા કેળવાયેલી હોય, જેમની સાથેનો સમ્બન્ધ અજમાયશી કાળ સન્તોષકારક રીતે પુર્ણ કરી ચુક્યો હોય એમને ‘બી’ કે ‘એ’ વીભાગમાં પ્રમોશન આપી શકાય. પ્રત્યેક સમ્બન્ધને સતત અવલોકન હેઠળ રાખવો અને જે અનુભવો થાય તદનુસાર એ સમ્બન્ધને ઉપરના કે નીચેના વીભાગમાં સ્થળાંતરીત કરતા રહેવું. ‘જેમને લોહીના સગપણથી નથી બાંધી શકાયા એવા માણસોને મીત્ર બનાવીને ભગવાન પોતાની ભુલ સુધારી લે છે’ એવું કહેવાયું છે તે કેટલું યોગ્ય છે! મુકેશજીના કંઠે ગવાયેલું પેલું ‘આનન્દ’ ફીલ્મનું મધુર ગીત યાદ આવે છે?

કહીં તો યે દીલ કભી મીલ નહીં પાતે,
કહીં સે નીકલ આયે જન્મોં કે નાતે;
ભલી સી ઉલઝન, બૈરી અપના મન,
અપના હી હો કે સહે, દર્દ પરાયે, દર્દ પરાયે.

આ ગીત સાંભળતી વખતે જે સ્વજન યાદ આવે તેમને આંખ બન્ધ રાખીને એ+ કેટેગરીમાં મુકી દો.

હવે કસોટીરુપ મનોયત્ન શરુ થાય છે.

આપણે ટોચની કક્ષામાં આવતા સમ્બન્ધોને મહત્તમ સમય ફાળવીએ છીએ ખરા? સમ્બન્ધમાં ઓટ આવે છે, અવરોધો ઉભા થાય છે, રુકાવટ જન્મે છે તેનું કારણ અહીં છુપાયેલું છે. ટ્રેનમાં એક અજનબી સાથે મુલાકાત થઈ, ચાર કલાકની એ મુસાફરી સમ્બન્ધમાં પરીણમી. પન્દર દીવસનો પરીચય, મૈત્રીનું સ્વરુપ ધારણ કરીને એ+ કેટેગરીમાં હનુમાનકુદકો મારીને ચપ્પટ બેસી ગયો! સમ્બન્ધોનું શાસ્ત્ર એમ કહે છે કે જે પરીચયની ઉમ્મર માંડ પન્દર દીવસ છે એનું સ્થાન 'ડી' કક્ષામાં હોય. એ પરીચય માત્ર છે, એને સમ્બન્ધનું કે મૈત્રીનું નામ અપાય જ નહીં. પ્રથમ પરીચયથી પ્રાપ્ત થયેલા અજનબીને 'એ' વર્ગમાં સ્થાન આપવું એ સર્વનાશની દીશા છે.

સમ્બન્ધોનું શાસ્ત્ર સ્પષ્ટ શબ્દોમાં ફરમાવે છે કે :

સમ્બન્ધમાં વફાદારી, વીશ્વસનીયતા અને નીઃસ્વાર્થ સમર્પણ ભાવ જોવા મળે પછી તેને કાયમી દરજ્જો આપો અને 'એ' કે 'બી' કક્ષામાં મુકો. જે સમ્બન્ધીઓ એ+, એ કે બી+ શ્રેણીમાં આવતા હોય તેમને માટે વધુમાં વધુ સમય ફાળવો. આપણે અગ્રીમતાઓ ઉલટાવી નાંખીને 'ડી' ગ્રેડમાં પડતા નીકમ્મા સમ્બન્ધ માટે અને સમ્બન્ધ પાછળ કલાકો વેડફી નાંખીએ છીએ. આપ સાંજે ઘરે આવ્યા પછી જેમની સાથે પીસ્તાળીસ મીનીટ ઑફીસનું પોલીટીક્સ ચર્ચવા બેસો છો એ સ્ટાફમીત્રનું સ્થાન 'સી' કક્ષામાં છે તે આપને

યાદ રહેતું નથી. આપ જ્યારે 'સી' કે 'ડી' ક્લાસના સમ્બન્ધી સાથે નક્કામી વાતો ચર્ચતા હો છો ત્યારે આપની સત્તર વર્ષની દીકરી 'વૉટ્સ એપ' પર 'ઈ' ગ્રેડના છેલબટાઉ બૉયફ્રેન્ડ સાથે ઈશ્કના પાઠો પાક્કા કરતી હોય છે.

♦ ગઈ કાલે સાંજે ટેક્સટાઈલ માર્કેટમાં ચાળીસેક વર્ષની ઉમ્મરના જે યુવાન બીઝનેસમેન સાથે પરીચય થયો અને વીઝીટીંગ કાર્ડની હેરાફેરી થઈ એ યુવાન સાથેનો સમ્બન્ધ અત્યારે તો 'ડી' કે 'ઈ' ગ્રેડમાં મુકી શકાય. આપે એને ઉત્સાહમાં આવીને કહી દીધું, બોસ, ઘરે આવો, આપણે સાથે ડીનર લઈએ!' આ ઈજન પાઠવતી વખતે તમે ભુલી ગયા કે ઘરમાં સોળ વર્ષની દેખાવડી દીકરી છે કે ચાળીસ વર્ષની સૌંદર્યવાન પત્ની છે. જે અલ્પ પરીચીત શખ્સને તમે પ્રથમ મુલાકાતમાં 'એ' ગ્રેડમાં મુક્યો એ કહેવાતો મીત્ર (બૉસ!) બીજા કે ત્રીજા મહીને તમારા બેડરુમ સુધી પહોંચી જશે એ જોખમ તમને યાદ ન રહ્યું. જે સમ્બન્ધ 'પ્રોબેશન' પર છે એને ઘરનું સરનામું કઈ રીતે અપાય? એ શખ્સને ડીનર માટે હૉટલમાં લઈ જઈ શકાય; પણ ઘર બતાવવાની ભુલ ન કરીએ. આ પ્રકારના મુફલીસ અલ્પપરીચીતો 'મીત્ર'નો સ્વાંગ રચીને આપણને બરબાદી તરફ દોરી જઈ શકે છે. કોઈ પણ સમ્બન્ધને કાળજીપુર્વક મુલવો અને તેને હેસીયતથી વધારે સમય, નીકટતા અને આદર ન આપો. 'ડી' કક્ષાના સમ્બન્ધો આપણો એટલો બધો સમય ખાઈ જાય છે કે 'એ' ગ્રેડનો સમ્બન્ધ ધરાવતાં પત્ની, દીકરી કે માતા–પીતાને આપણી એક મીનીટ મેળવવા તડપવું પડે છે.

♦ અગણીત સમ્બન્ધો ખતરનાક છે. અસંખ્ય મીત્રો હોવાનો દાવો ગૌરવનો વીષય નથી, ખતરનાક જોખમોનું ઉદ્દગમબીન્દુ છે. અલ્પ પરીચીત શખ્સને તથા વાહ વાહ કરનારાઓને મીત્રોમાં ખપાવવા અને એમની પાછળ

દીવસનો અડધો ભાગ વેડફી નાંખવો એ શ્રેષ્ઠ કક્ષાની બેવકુફી છે અને પતી, પત્ની કે સન્તાનોને ગુમાવવાનો અક્સીર ઈલાજ છે.


♦ પ્રત્યેક સમ્બન્ધને તીવ્ર અવલોકન હેઠળ રાખો. એમનું મુલ્યાંકન કરતા રહો અને જરુર લાગે તો 'એ' ગ્રેડના સમ્બન્ધને ઉંચકીને 'ડી' ગ્રેડમાં મુકી દો. જેમણે જેમણે સમ્બન્ધોને મુલવવામાં થાપ ખાધી છે એ સૌએ પોતાના પરીવારને ગુમાવ્યો છે. પરીણામ? પ્રોબેશનીયા અલ્પ પરીચીતોને પોતાનાં ગણીને ઓશીયાળું જીવન ખેંચ્યા કરવાનું!



મેઘધનુષ

રોજ એને ઉડાડો, ફરી આવશે;
કોણે રોપી કબુતરમાં આ લાગણી?

...સુનીલ શાહ...



03

આવે તેને આવવા દઉં, જાય તેને નહીં રોકું;
આપણો અહીંનો સમ્બન્ધ, એ તો નીન્દ પહેલાનું ઝોકું

‘સમ્બન્ધ બાંધતી વખતે કઈ કાળજી રાખવી જોઈએ તે જાણી લઈએ તો સમ્બન્ધને કારણે ઉભી થતી પીડામાંથી બચી શકાય. કોઈ એક સમ્બન્ધને મૈત્રીનું નામ આપતા પુર્વે થોભવામાં આપણું કલ્યાણ છે. કવી શ્રી. સુરેશ દલાલે લખ્યું હતું : ‘કોઈ એક સમ્બન્ધ બંધાય અને પછી તુટે, તેના કરતાં બંધાય જ નહીં એ વધારે સારું છે.’ સમ્બન્ધથી જોડાયેલા મીત્રો શત્રુ બને કે શત્રુઓ મીત્ર બને એ ક્રમ ખુબ સહજ અને સ્વાભાવીક છે. આવું બને ત્યારે હરખ–શોક અનુભવ્યા વગર એ પરીવર્તનને આવકારવા અને અપનાવવા તૈયાર રહેવું જોઈએ.’

અનુક્રમણીકા

નવા નવા સમ્બન્ધો બાંધતી વખતે પોતાને પુછવા જેવો પ્રશ્ન આ છે, ‘મને હવે વધારાના કોઈ સમ્બન્ધોની જરુર છે ખરી? અત્યારે મારા જે સમ્બન્ધો છે તેને હું પુરતો સમય આપી શકું છું?’ એ બીજો પ્રશ્ન પણ ઉત્તરનો અધીકારી ગણાય. પાર્ટીમાં બંધાતા નવા પરીચયો જોખમી નથી; સીવાય કે આપણે તેને સમ્બન્ધનો દરજ્જો આપી બેસીએ. નાની અમસ્તી દુનીયા અને

પરીચીત રસ્તાઓ હોવાને લીધે અજાણ્યા માણસો સાથે પરીચય થઈ શકે છે. એ પરીચયને સમ્બન્ધમાં ફેરવીએ ત્યારે તકલીફો શરુ થાય છે. જેમ મોબાઈલ ફોનમાં મેસેજીસનો ભરાવો થઈ જાય, તો પછી નવા સંદેશાઓ સ્વીકારાતા નથી. જુના સંદેશાઓને રદ કરીએ તો નવાનું આગમન શક્ય બને. સમ્બન્ધોનું પણ એવું જ સમજવું. એક તરફ સમ્બન્ધોની સપાટી ભયજનક હદને વટાવી ગઈ હોય અને બીજી તરફ આપણે સમ્બન્ધો ઉમેરતા જઈએ તો શું થાય? નવા સમ્બન્ધોને સમાવવા જુના સમ્બન્ધોમાંના કેટલાક ખરી પડશે. જુના સમ્બન્ધો આથમતા જાય અને નવાની એન્ટ્રી થતી રહે તો કાળેક્રમે માણસ એકલો પડી જાય એવું બની શકે છે. નવા સમ્બન્ધો બાંધતી વખતે અહીં દર્શાવેલા છ મુદ્દાઓ ધ્યાનમાં રાખવા જોઈએ :

1. સમ્બન્ધનું કાર્યક્ષેત્ર નક્કી કરો

નવો સમ્બન્ધ રચાય ત્યારે એ સમ્બન્ધનું સ્વરુપ આપણા મનમાં સ્પષ્ટ હોવું જોઈએ. 'હું આ સમ્બન્ધને કઈ હદ સુધી વીસ્તારીશ?' એ પ્રશ્ન સ્વયંને પુછી લેવો જોઈએ. અલ્પ પરીચય, ગાઢ પરીચય, સમ્બન્ધ, મીત્રતા વગેરે તબક્કાઓમાંથી અજાણ્યા માણસ સાથેની મુલાકાતને પસાર થવા દો. પ્રત્યેક તબક્કો વર્ષ, બે વર્ષ કે તેથી વધુ સમયનો હોઈ શકે. સમયના નીભાડામાંથી ઘડાઈને, તપીને જ્યારે કોઈ એક પરીચય સમ્બન્ધનો આકાર લે છે, ત્યારે તે ટકાઉ હોવાની ખાતરી આપે છે. ઉતાવળે બન્ધાતા સમ્બન્ધોને બાષ્પીભુત થતાં વાર નથી લાગતી. સમ્બન્ધનું કાર્યક્ષેત્ર સ્પષ્ટ હોય, તો એને માટે સમય ફાળવવાનું આયોજન ગોઠવી શકાય. અમર્યાદ નવા સમ્બન્ધો ચોવીસ કૅરેટના જુના સમ્બન્ધોને તોડીને, ખસેડીને પોતાનું સ્થાન બનાવી લેતા હોય છે. આ સમગ્ર પ્રક્રીયા વીસ્ફોટક અને જીવલેણ બની શકે છે.

2. સમ્બન્ધ બાંધવા પાછળનાં પ્રગટ અને પ્રચ્છન્ન કારણો કયાં છે તે વીચારો

જ્યારે નવો સમ્બન્ધ બન્ધાઈ રહ્યો હોય ત્યારે વીચારવાનું એ રહે કે, સમ્બન્ધ બાંધવામાં અને આગળ વધારવામાં કોણ પહેલ કરી રહ્યું છે. જો કોઈ અપરીચીત માણસ સમ્બન્ધ વીકસાવવાના હેતુથી આપણી પાછળ પડી જાય તો ચેતવા જેવું છે. આપણે કોઈ નવા સમ્બન્ધ તરફ ધસી રહ્યા હોઈએ ત્યારે પણ, એ પ્રશ્ન સ્વયંને ઉદ્દેશીને પુછવો જોઈએ કે, નવો સમ્બન્ધ વીકસાવવા પાછળનું કારણ શું છે અને સમ્બન્ધ બાંધવા પાછળ આટલી બધી ઉતાવળ શા માટે? સ્વાર્થની બુનીયાદ પર રચાતા સમ્બન્ધો ખતરનાક અને તકલાદી હોય છે. ફુંકી ફુંકીને આગળ વધવું સારું. અનીચ્છનીય સમ્બન્ધ બાંધવા માટે નીરુત્સાહ રહીએ તો બચી જવાય. કોઈ અચાનક આપણા પર વરસી પડે તો વીચારવું કે આવું કેમ બની રહ્યું છે. સમ્બન્ધથી થનારો લાભ જોઈને કુદી પડવું સલાહ ભરેલું નથી.

3. સમ્બન્ધનો અર્થ 'પારીવારીક સમ્બન્ધ' એવો થાય છે

સમયની એરણ પર ચકાસાઈને પાર ઉતરેલા પરીચયને જ સમ્બન્ધ બાંધવા માટે સ્વીકારીએ. સમ્બન્ધ બાંધવાનો અર્થ છે, પારીવારીક સમ્બન્ધો વીકસાવવા. સમ્બન્ધ બંધાઈ ગયા પછી 'ફસાઈ ગયા'ની લાગણી ન થવી જોઈએ. સમ્બન્ધ સમકક્ષ સાથેનો હોય તો ટકાઉ નીકળવાની સંભાવના વધે. જેમની સાથે ગાઢ સમ્બન્ધ વીકસાવીએ એ શખ્સ પરીવારમાં સ્વીકાર્ય બનશે કે નહીં, તે પણ વીચારવાનું રહે. જેમને સમ્બન્ધથી સ્વીકારીએ એમને પુર્ણતઃ જાણી લઈને, ઓળખી લઈને આગળ વધીએ તો, ક્ષોભજનક સ્થીતીમાં મુકાવું ન પડે. એક મીત્રનો પોતાનો અનુભવ સાંભળો, 'અલ્પ પરીચીતને ઘરનું

સરનામું આપવામાં જોખમ છે. એક સજ્જન સાથે ધંધાને કારણે પરીચય થયો. ત્રીજે મહીને મેં પરીચયને સમ્બન્ધમાં ફેરવી નાંખ્યો અને મીત્રને ઘરે ભોજન માટે નીમન્ત્રણ આપ્યું. ડાઈનીંગ ટેબલ પર બેઠા પછી મીત્રએ મારી પત્નીને ઉદ્દેશીને પુછ્યું, 'ભાભીજી, કુછ નોનવેજ બનાયા હૈ કી નહીં? હમેં તો બીના 'નોનવેજ' મજા નહીં આતા!' અમે જૈન છીએ અને મીત્ર તરફથી જે પ્રશ્ન ઉછળ્યો તેણે મારી સ્થીતી 'કાપો તો લોહી ન નીકળે' એવી કરી દીધી. પહેલી મુલાકાતમાં એણે મારી પત્નીને 'બહેનજી'નું સમ્બોધન કરવાને બદલે 'ભાભીજી'નું સમ્બોધન કર્યું એ વાતથી પણ હું ચોંક્યો. આ કડવા અનુભવ પછી મેં એ સમ્બન્ધને ફરીથી 'અલ્પ પરીચય'ની કક્ષામાં મુકી દીધો. સામેના માણસને પુરેપુરો ઓળખ્યા, સમજ્યા વગર સમ્બન્ધનો દરજ્જો આપનારે પોતાની પત્ની કે પુત્રી ગુમાવી હોય એવા અનેક કીસ્સાઓ આપણી નજર સામે બને છે. પરીચીત શખ્સની જીવનશૈલી, વીચારધારા, ગમા–અણગમા, સ્વભાવ અને સંસ્કારનો અભ્યાસ કરી લીધા પછી જ સમ્બન્ધ બાંધવા તરફ આગળ વધવું.

4. મીત્રના મીત્રોને પણ ઓળખી લઈએ તો સારું

જ્યારે કોઈ એક સમ્બન્ધ મૈત્રીનો દરજ્જો મેળવે છે ત્યારે મીત્રના મીત્રોનું ટોળું પણ મૈત્રીના વર્તુળમાં પોતાનું સ્થાન જમાવી દે છે. જ્યારે કોઈ એક સમ્બન્ધ રચાય ત્યારે એ સમ્બન્ધીના સમ્બન્ધીઓ પણ આપણા જીવનમાં એન્ટ્રી મારતા હોય છે. સમ્બન્ધ બાંધતી વખતે આપણે માત્ર એક જ વ્યક્તીને નજીકથી ઓળખી છે, અવલોકન હેઠળ રાખી છે અને સમ્બન્ધને યોગ્ય ગણી છે. પરન્તુ મૈત્રીનો દરવાજો ખુલે એટલે મીત્રના દુર્ગુણી મીત્રો પણ એમાં પ્રવેશ મેળવી લે છે. મીત્રોનું માન જાળવી આપણે એમને સ્વીકારવા પડે છે. વૈવીધ્યપુર્ણ (અને ક્યારેક શંકાસ્પદ) બૅકગ્રાઉન્ડ ધરાવતા માણસો સમ્બન્ધના

મંચ પર ભેગા થઈ જાય ત્યારે બખેડો થવાની પુરેપુરી શક્યતા છે. આપણે મીત્ર તરીકે કોઈ એક શખ્સને માન્યતા આપીએ છીએ; પરન્તુ જ્યારે મીત્રના મીત્રો અધીકારપુર્વક 'મૈત્રીમંચ' પર કબજો જમાવી લે છે ત્યારે સમ્બન્ધ વીચ્છેદની પ્રક્રીયા શરુ થઈ જતી હોય છે. કોઈ એક શખ્સને સમ્બન્ધ બાંધવા માટે સ્વીકારતા પુર્વે થોભવા પાછળનું એક કારણ આ પણ છે કે, સમ્બન્ધીના સમ્બન્ધો કેવા છે અને કેટલા છે તે જાણી શકાય અને આપણે સમ્બન્ધ બાંધીને કોઈ આફતને નોતરવાની ભુલ નથી કરી રહ્યાને, એ હકીકતનો ખ્યાલ આવે તો ભવીષ્યમાં સુરક્ષીત રહી શકાય.


(શીર્ષક પંક્તી : સુરેશ દલાલ)



મેઘધનુષ

કીસ્સો કેવો મઝાનો છે!
બેઉ વ્યક્તી સુખી થયાનો છે.
પલ્લું તારી તરફ નમ્યાનો તને,
મુજને આનન્દ ઉંચે ગયાનો છે!

...મુકુલ ચોકસી...



04

સમ્બન્ધોની સંખ્યા મર્યાદીત કઈ રીતે રાખી શકાય?

'સમ્બન્ધો અંગેની અજ્ઞાનતા અને જટીલતા અનેક પ્રશ્નો જન્માવે છે. સૌથી મહત્ત્વના બે પ્રશ્નો પર ધ્યાન કેન્દ્રીત કરીએ. ટી.વાય.બી.બી.એ.માં અભ્યાસ કરતા એક યુવાનનો પ્રશ્ન છે, 'સમ્બન્ધોની સંખ્યા કેટલી હોવી જોઈએ?' કેટલાક મીત્રો જણાવે છે, 'આપણે સમ્બન્ધ બાંધતા નથી, એ તો આપોઆપ બંધાઈ જતાં હોય છે! સમ્બન્ધોની સંખ્યા પર નીયન્ત્રણ રાખવાનું શક્ય નથી.' 'જેટલા સમ્બન્ધો વધારે એટલી તકલીફ વધારે' એ વીચાર સાથે અસમ્મત થનારા મીત્રોની સંખ્યા મોટી છે. સમ્બન્ધોની સંખ્યા મર્યાદીત જરુર રાખી શકાય. એવું કરવાથી આનન્દ જળવાઈ રહેશે.'

અનુક્રમણીકા

'સમ્બન્ધોની સંખ્યા મર્યાદીત શી રીતે કરી શકાય? તથા 'જેટલા સમ્બન્ધો ઓછા એટલો આનન્દ વધારે એવું કઈ રીતે કહી શકાય?' એ બે પ્રશ્નો પર વીશદ્ ચર્ચા કરવાનું જરુરી બન્યું છે. સમ્બન્ધોની સંખ્યા મર્યાદીત

રાખવાનું શક્ય છે અને આપણા હાથમાં છે. પરીચીતોની સંખ્યા ભલે ચાર આંકડામાં હોય; પરન્તુ દર બીજે–ત્રીજે દીવસે મળવાનું થાય, પ્રતીમાસ કે પ્રતીસપ્તાહ પરીવાર સાથે હૉટેલમાં જમવા જવાનું થાય, સાથે દેશ–વીદેશના પ્રવાસો ખેડવાનું થાય એવા સમ્બન્ધો કેટલા હોઈ શકે? જ્યારે આત્મીય સમ્બન્ધોની સંખ્યા બે આંકડા (માત્ર દસ) સુધી પહોંચે ત્યારે સમ્બન્ધોનું રાજકારણ શરુ થઈ જતું હોય છે.

જ્યારે બે આત્મીય મીત્રો પોતાના જ જુથના ત્રીજા ગેરહાજર મીત્રની નીંદાટીકા કરતા હતા અને રાક્ષસી આનન્દ લુંટતા હતા, ત્યારે મને ખુબ આશ્ચર્ય થયેલું અને આઘાત પણ લાગેલો. તેઓ એક એવા મીત્રની બદબોઈ કરતા હતા જેની સાથે પાંચ વખત વીદેશ યાત્રાઓ કરી આવ્યા હતા. મેં એ બન્ને મહાનુભવોને સીધો જ પ્રશ્ન પુછી લીધો, 'અરે, હું જેમને તમારા 'ફ્રેન્ડ નમ્બર – 1' સમજું છું એમની જ વાતો ચાલી રહી છે ને? મને મારા કાન પર વીશ્વાસ નથી બેસતો'. બેમાંથી જે વધુ સમજદાર હતા એમણે કહ્યું, 'મેં આ મુરખને ઈશારાથી સમજાવ્યું કે અત્યારે ચુપ મર, નહીં તો આપણે સર્વત્ર ચર્ચાઈ જઈશું; પરન્તુ એને સમજ નહીં પડી અને શરુ થઈ ગયો.'

જેટલા આત્મીય સમ્બન્ધો વધારે એટલું રાજકારણ વધારે અને સુખચેનની માત્રા ઓછી. એક વખત કુમાર ખુશમનને મળવા પત્ની સાથે તેના ઘરે ગયો હતો. એ વખતે ખુશમનને ત્યાં ગણેશ પણ પત્ની સાથે આવ્યો હતો. (ઓળખ છુપાવવા નામો બદલ્યાં છે.) ત્રણેત્રણ જીગરજાન દોસ્ત છે; પરન્તુ ખુશમનને ત્યાં ગણેશ બેઠો હતો, એ દૃશ્ય કુમારને ન ગમ્યું. એણે આગમન સાથે જ બૉમ્બ ફોડ્યો, 'સૉરી, હું કબાબમાં હડ્ડી તો નથી બની રહ્યો ને?' કુમાર આવ્યો પછી ખુશમન અને ગણેશ મૌન થઈ ગયા. અકળાવનારી

શાન્તીને સાત–આઠ મીનીટ સહન કર્યા પછી કુમાર ત્યાંથી નીકળી ગયો. એમની દોસ્તીનો પણ ધીમે ધીમે અન્ત આવી ગયો.

સમ્બન્ધો કેમ તુટે છે, સમ્બન્ધોને ટકાવી રાખવા શું કરવું અને શું ન કરવું તથા સમ્બન્ધો તુટી જાય પછી શી રીતે વર્તવું એ બધી વાતો આપણે આગળ ઉપર ચર્ચવાના છીએ અને થૅન્ક ગૉડ... મારી અને તમારી વચ્ચે આ ચર્ચા ચાલી રહી છે; ત્યારે આપણી વચ્ચે ત્રીજું કોઈ નથી... એટલે આપણે નીરાંતે આ બધી વાતો કરી શકીશું. ઘણા બધા સાથે આત્મીય સમ્બન્ધો હોય ત્યારે એ બધાને મળવા માટે, મૅરેજ ઍનીવર્સરી પર ગીફ્ટ આપવા માટે, એમણે યોજેલી પાર્ટીઓ અટેન્ડ કરવા માટે સમય અને શક્તી ક્યાંથી લાવશો? વળી, આપણે જેમને ‘એ’ કક્ષામાં મુક્યાં છે એ પરીવારજનોને પણ મહેફીલોમાં લઈ જવા પડશે ને? મહેફીલમાં પહોંચ્યા પછી તમે દસ પન્દર ‘સમ્બન્ધી’ઓ સાથે ‘હૅલો–હાય’ કરવામાં પીસ્તાળીસ મીનીટ વેડફી નાંખશો. એ લાંબી મીનીટો દરમીયાન પત્ની, બાળકો અને વૃદ્ધ, વીધવા માતા આપણી સાથે છે એ વાત જ ભુલાઈ જવાની!

હું એક વાત સમજું છું, બરાબર સમજું છું કે મારી આ બધી વાતો સાથે અસમ્મત થનારા ઘણા વાચકો હશે. જીન્દગી પ્રત્યેનો આપણો દૃષ્ટીકોણ, આપણી જીવનશૈલી, આપણું ‘ફૅમીલી બૅકગ્રાઉન્ડ’ એમ ઘણાં બધાં પરીબળો પર સમ્બન્ધ અંગેની સમજ આધાર રાખે છે. મતભેદ સ્વાભાવીક છે અને આવકાર્ય પણ છે. એક વરીષ્ઠ નાગરીકે જણાવ્યું, ‘હું પરીચીત કે અલ્પ પરીચીત મીત્રો સાથે પણ મહીનામાં એક બે વાર ફોન કરીને સમ્બન્ધને રીન્યુ કરી લઉં છું. જો ફોન પર વાત ન થઈ શકે તો સમ્બન્ધ તુટી જાય એ વાતનો મને સતત ડર લાગે છે’ અહીં ફરીફરીને પેલો પ્રશ્ન ઉદ્‌ભવે છે. આ રીતે અલ્પ પરીચીતો કે પરીચીતો સાથે સમ્બન્ધ જાળવી રાખવા ફોન કરવા માટેનો

સમય ક્યાંથી લાવવો? મારે માટે જેઓ પરીચીતની કક્ષામાં આવે છે એમની સાથે વર્ષે માંડ એક વાર ફોન પર વાર્તાલાપ થાય છે કે મળવાનું બને છે; છતાં અમારી વચ્ચેનો સમ્પર્ક કપાઈ નથી જતો. જેમની પાસે સમય પસાર કરવા માટેના વધુ સારા વીકલ્પો નથી તેમને માટે આ બધી સમસ્યાઓ છે.

સમ્બન્ધોનાં જંગલમાં ખુબ આગળ નીકળી જવું એ એક પ્રકારનું વ્યસન છે. જેઓ પોતાની જાત સાથે કલાકો સુધી વાતો કરે છે, ગોષ્ઠી કરે છે, ફ્લૅશ બૅકમાં જઈને વીતેલી જીન્દગીને, પસાર થઈ ચુકેલી ક્ષણોને માણી શકે છે, તેઓ કહેવાતા અસંખ્ય સમ્બન્ધોના કદી મોહતાજ નથી હોતા. સમ્બન્ધીઓના સમ્બન્ધો પાછળના હેતુઓ શા રહેવા પામ્યા છે? બીજું, ત્રીસ કે પાંત્રીસ વર્ષના યુવાનને જેટલા સમ્બન્ધો હોય છે, એટલા સમ્બન્ધો સીત્તેર કે એંસી પછી જરુરી ખરા? આપણે રોજ સાંજે જેમને મળીએ છીએ કે જેમની સાથે સમય પસાર કરીએ છીએ તેઓ પરીચીતની વ્યાખ્યામાં બેસે છે. સમ્બન્ધી કે મીત્રો એ છે જેમના ઘરે વારંવાર જવાનું અને જમવાનું તથા એમને ત્યાં માંદગી હોય તો હૉસ્પીટલમાં જઈને સુવાનું બન્યા કરે છે. જો અલ્પ પરીચીતો, પરીચીતો, સાથીઓ, સમ્બન્ધીઓ અને આત્મીય મીત્રો વચ્ચેનો તફાવત સ્પષ્ટ સમજાઈ જાય તો અહીં રજુ થયેલા વીચારો સાથે અસમ્મત થવા માટેનું કોઈ કારણ બચશે નહીં.

સમ્બન્ધોની સંખ્યા મર્યાદીત રાખી શકાય છે. એમ કરવું એ આપણા જ હાથની વાત છે. જેઓ ચુંટણીઓ લડે છે, રાજકારણ ખેલે છે, તેમને આ વીધાન લાગુ પડતું નથી. જો કે, એમને સાચો સમ્બન્ધી એક પણ નથી હોતો... પતી કે પત્ની પણ નહીં! સમ્બન્ધોની સંખ્યા જેટલી મર્યાદીત હશે એટલી જીવનમાં શાન્તી હશે. અમર્યાદ સમ્બન્ધોને સાચવવાની ચીંતા જ આપણા આનન્દને હણી લે છે. પુનઃ એકવાર નોંધું છું કે આ વીષયમાં ભીન્ન

વીચારોને તથા અલગ અનુભવોને અવકાશ છે. સમ્બન્ધોની સંખ્યા મર્યાદીત રાખવા માટે આત્મસંયમ એક માત્ર ઉપાય છે. અલ્પપરીચીત, પરીચીત અને સમ્બન્ધી વચ્ચેનો ભેદ પારખી શકાય તો સમ્બન્ધોની સંખ્યા મર્યાદીત રાખી શકાય. જેમણે જીન્દગીમાં ગણતરીના એકાદ બે સાચા સમ્બન્ધો બાંધ્યા છે અને જાળવ્યા છે તેમના જીવનમાં શાન્તી અને આનન્દ સીવાય બીજું કંઈ હોતું નથી! આવા માણસોને ધન્ય છે.



મેઘધનુષ

બેનામ સા યે દર્દ, ઠહર ક્યું નહીં જાતા;
જો બીત ગયા હૈ, વો ગુજર ક્યું નહીં જાતા?
સબ કુછ તો હૈ! ક્યા ઢુંઢતી રહતી હૈ નીગાહેં;
ક્યા બાત હૈ, મૈં વક્ત પે ઘર ક્યું નહી જાતા?

...નીદા ફાઝલી...



05

તુટેલા સમ્બન્ધોનું ગૌરવ જાળવવા મૌન પાળીએ

> ‘સમ્બન્ધ તુટવા પાછળનાં કારણો કયાં હોય છે? સમ્બન્ધ તુટ્યા પછી કઈ રીતે વર્તવું? સમ્બન્ધ તુટે પછી તેને સુષુપ્ત અવસ્થામાં રાખવાથી શો ફાયદો? તુટેલા સમ્બન્ધનું ગૌરવ જાળવવા શું કરવું? આ તમામ પ્રશ્નો પર ખપ પુરતી ચર્ચા કરીને સમ્બન્ધમીમાંસાનું સમાપન કરવાનો ઈરાદો છે. આપણે પુર્વે નોંધ્યું છે તેમ ઈર્ષ્યા–અદેખાઈ અને અહંકાર સમ્બન્ધના મુખ્ય શત્રુઓ છે. વીઘ્નસંતોષીઓ દ્વારા થતી ‘કાનભંભેરણી’ને કારણે ઘણા સમ્બન્ધો તુટે છે. સમ્બન્ધની જાળવણી અને માવજત ઉભય પક્ષની જવાબદારી બને છે. સમ્બન્ધને પવીત્ર ધર્મનો દરજ્જો આપવો જોઈએ.’

અનુક્રમણીકા

બંધાયેલો સમ્બન્ધ કદી ન તુટે એ શ્રેષ્ઠ સ્થીતી છે. પરન્તુ, હમ્મેશાં એવું બનતું નથી. કેટલાક સંજોગોમાં સમ્બન્ધને તુટતો બચાવી શકાતો નથી. સમ્બન્ધ તોડનારે સાપ કાંચળી ઉતારે એટલી સહજતાથી સમ્બન્ધને ઉતારવો જોઈએ. સમ્બન્ધ તુટે ત્યારે અવાજ–ઘોંઘાટ ન થવો જોઈએ. સમ્બન્ધ તોડનારે પંચાતીયાઓને ખુશ થવાની અને તાળીઓ પાડવાની તક ન આપવી જોઈએ.

સમ્બન્ધ બાંધવો અને તુટવો એ બન્ને 'પવીત્ર' અને 'પર્સનલ' બાબતો છે. સમ્બન્ધ તોડનારા બન્ને પક્ષોએ તુટેલા સમ્બન્ધનું ગૌરવ જાળવવા મૌન રહેવું જોઈએ અને સમાજના ચૌદશીયાઓએ બે પક્ષની અંગત દુર્ઘટનામાં રસ ન દાખવવો જોઈએ. તેઓ ડીવોર્સ લેનારાઓને જઈને નીર્લજ્જતાથી પુછતા હોય છે, 'હેં, શું થયેલું? કેમ છુટું થઈ ગયું?' ખેર, સમ્બન્ધ તુટ્યા પછી ધ્યાનમાં રાખવાની વાતો આપણે ચર્ચવાના છીએ. સમ્બન્ધ કેમ તુટે છે અને તુટેલા સમ્બન્ધને સુષુપ્ત અવસ્થામાં રાખવો એટલે શું? એ બે મુદ્દાઓ પર ચર્ચા કરી લઈએ.

ગાઢ સમ્બન્ધો ધરાવનારા મીત્રો, મધુર અને પ્રેમાળ સમ્બન્ધો ધરાવતાં માતાપીતા અને સન્તાનો, એકબીજા પ્રત્યે પ્રેમની અનહદ લાગણી ધરાવતાં પતી–પત્ની કે પ્રેમીજનો હમ્મેશાં વીઘ્નસંતોષીઓના નીશાના પર હોય છે. જેઓ 'કાનભંભેરણી'નો ફુલટાઈમ ધન્ધો ચલાવે છે એવા શખ્સોથી એમણે બચવું પડશે. સમ્બન્ધને તોડનારાં મુખ્ય ત્રણ પરીબળો પર સમ્બન્ધકર્તાઓએ હમ્મેશાં નજર રાખવી પડશે; કાનભંભેરણી કરતા વીઘ્નસંતોષીઓ, અહંકાર અને ઈર્ષ્યા–અદેખાઈથી પીડાતા હોય છે. 'કાનભંભેરણી' કરનારા અસામાજીક તત્ત્વોએ કેટલાં ઘર ભંગાવ્યાં છે તેનો હીસાબ માંડવો મુશ્કેલ છે.

જાણીતા ચીંતક અને આ લખનારના ગુરુજી ડૉ. ગુણવંત શાહ હમ્મેશાં એક વાત કહે છે, 'રમણ મારો પરમ મીત્ર છે. જો રમણની વીરુદ્ધ કોઈ મને કંઈ પણ વાત સંભળાવવાનું શરુ કરે, તો હું તરત જ મારી નારાજી પ્રગટ કરીને કહું, 'થોભી જા, ભાઈ. રમણ મારો ખાસ મીત્ર છે. એને અંગે તારે કંઈ પણ નક્કામી વાત કરવી હોય તો એ વાતો એની હાજરીમાં થવી જોઈએ. રમણની નીંદા– ટીકા એની ગેરહાજરીમાં હું કોઈ દીવસ સાંખું નહીં કે

સાંભળું નહીં. તું જે કંઈ પણ કહેવા જઈ રહ્યો છે તે અંગે પોતાનો બચાવ કરવાની તક રમણને મળવી જોઈએ.' જો પ્રત્યેક માણસ આ અભીગમ અપનાવે તો કોઈ દીવસ કોઈનો સમ્બન્ધ તુટે નહીં. મીત્ર, પતી, પત્ની, પીતા, પુત્ર, સાસુ કે પુત્રવધુની નીંદા–ટીકા કે ચારીત્ર્યહનનની વાતો એમની ગેરહાજરીમાં શા માટે સાંભળવી જોઈએ? વીઘ્નસંતોષીઓએ આ રીતે 'કળા' કરીને કેટલાનાં ઘરો ભંગાવ્યાં હશે, કલ્પના કરી શકો છો?

એક સાચી બનેલી ઘટનાની ટુંકમાં નોંધ લઈને આગળ વધીએ. એક ચાળીસ વર્ષના યુવાને, પોતાના નીકટના મીત્રને, તેની પત્નીના ચારીત્ર્ય અંગે વારંવાર કાનભંભેરણી કરી. મીત્ર હેરાન પરેશાન થઈ ગયો ! 'તારી પત્નીને મેં શૉપીંગ સેન્ટરમાં એક અજાણ્યા પુરુષ સાથે જોઈ હતી' એ પ્રકારની બાતમી સતત મીત્રના કાન પર નાંખ્યા કરવામાં આવતી. એ મીત્ર મારી પાસે હૈયા વરાળ ઠાલવવા આવ્યો. મેં એને મારા ગુરુજીને ટાંકીને સખત શબ્દોમાં ઠપકો આપ્યો, 'પત્ની વીરુદ્ધની વાતો પત્નીની ગેરહાજરીમાં તે સાંભળી જ કઈ રીતે? બીજું, તેં પત્નીને આ અંગે બચાવની તક આપી છે? પત્ની પાસે સ્પષ્ટતા માંગી છે? એને સાંભળ્યા વગર તેં પેલા મીત્રની તમામ વાતો સાચી માની લીધી? ભાઈ, પત્નીના ચારીત્ર્યની વાતો પછી કરીશું, પહેલા તારું ચારીત્ર્ય તપાસી લે. જેણે લગ્ન કરીને તારી સાથે પોતાનું જીવન જોડ્યું, માતા–પીતા, ભાઈ–બહેન, વહાલી સખીઓ... બધાંને છોડીને તારી સાથે સંસાર માંડ્યો, બે સંતાનો આપ્યાં... એ વહાલી પત્નીની વીરુદ્ધ થતી વાતો તેં સાંભળ્યા કરી અને પત્નીને બચાવની તક આપ્યા વગર હાંકી કાઢવાની યોજના બનાવી રહ્યો છે? આ સ્પષ્ટ પ્રકારની કાનભંભેરણી છે અને તેનો હેતુ તને પત્નીથી અલગ કરીને તારું પ્રસન્ન દામ્પત્યજીવન નષ્ટ કરવાનો છે. તારા મીત્રને કહી દે કે, હવે એ વાર્તા પુરી થઈ ગઈ છે અને સુખદ અન્તમાં

પરીણમી છે.’ ઈર્ષ્યા, અદેખાઈ અને અહંકાર સમ્બન્ધ તોડાવનારા સામર્થ્યવાન ખલનાયકો છે.

એક મહાશય ઔદ્યોગીક ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય ખ્યાતી મેળવી શક્યા. તો એમના પુત્રને જ એમની ઈર્ષ્યા આવવા માંડી! પાડોશીએ બંગલાનું રીનોવેશન કરાવ્યું અને બે કરોડની કાર ખરીદી એટલે આપણું છટક્યું અને સમ્બન્ધ તોડી નાંખ્યો! બન્ને ગરીબ હતા, ત્યાં સુધી સમ્બન્ધ પરાકાષ્ઠાએ ટકી રહ્યો. બેમાંનો એક પ્રતાપી પુરુષ પોતાના બળે આગળ વધી ગયો એટલે સમ્બન્ધમાં તીરાડ પડી. ‘આપણી નજીકનો શખ્સ, આપણો જ મીત્ર, આપણાથી આગળ નીકળી જાય? (એ સમજે છે શું એના મનમાં?)’ અરે મીત્ર, એ તારા પીતા છે, તારા વડીલ છે, તારાથી ઠીકઠીક ‘સીનીયર’ છે, આગળ તો નીકળશે જ, ને આગળ નીકળ્યા નથી, આગળ હતા જ. તેઓ થોડા વધારે સુખી થયા, થોડા આગળ નીકળી ગયા એટલે એમને ગાળો ભાંડવાની અને સમ્બન્ધ તોડી નાંખવાનો?

અહીં ‘સીનીયર’ શબ્દ એટલા માટે યાદ આવ્યો કે એક ઍડવોકેટ મીત્ર હાઈકોર્ટમાં જજ તરીકે નીમણુક પામ્યા તો એમના જ નીકટતમ જુનીયર મીત્રે એમના સન્માન–સમારંભમાં ભાંડણલીલા શરુ કરી. એક સીત્તેર વર્ષના શાણા અને સૌમ્ય ઍડવોકેટ ધીમેથી બોલ્યા, ‘દીકરી, તારો જન્મ પણ નહોતો થયો, ત્યારથી તેઓ પોતાની મુલ્યકેન્દ્રી પ્રેક્ટીસ માટે આપણા શહેરમાં જાણીતા છે. ધીકતી કમાણી છોડીને જજ બનવા જઈ રહ્યા છે. તારાથી ખાસ્સા સીનીયર છે. નહીં ખમાતું હોય તો સમ્બન્ધ તોડી નાંખ અને મૌન જાળવ. અહીં જાહેરમાં લવારો કરવાથી તારી આબરુ વધતી નથી; ઘટે છે.’


ઈર્ષ્યા અદેખાઈ જન્મે ત્યારે અને સમ્બન્ધ તુટે ત્યારે, સમ્બન્ધનું ગૌરવ જાળવવા મૌન પાળીએ.



મેઘધનુષ

નીચે ગીરે સુખે પત્તોં પર,
અદબ સે ચલના જરા;
કભી કડી ધુપ મેં તુમને,
ઈનસે હી પનાહ માંગી થી!

...અજ્ઞાત...



06

સમ્બન્ધ તુટ્યા પછી સંસ્કાર પ્રગટ થાય છે

‘સમ્બન્ધ તુટ્યા પછી કઈ ‘આચાર સંહીતા’ને અનુસરવી તે અંગે થોડી વાતો કરીને આપણે સમ્બન્ધમીમાંસાનું સમાપન કરીએ. ‘તુટેલા સમ્બન્ધ અંગે મૌન જાળવવું’ એ એક માત્ર વર્તન આપણને તમામ આપત્તીઓથી બચાવે છે. શાણા માણસો તુટેલા સમ્બન્ધોનો અણસાર કોઈને આવવા દેતા નથી. ‘સમ્બન્ધ તુટ્યા પછી શું નહીં કરશો?’ આ વીષય પર સમ્બન્ધશાસ્ત્રીઓએ આપેલી ટીપ્સની ચર્ચા માંડીને બેસીએ તો એ ચર્ચા કદી પુરી નહીં થાય એટલી વાતો છે.’

અનુક્રમણીકા

નહીં સમજી શકાય એવી ગેરસમજને કારણે બે પરીવારો વચ્ચેનો સમ્બન્ધ તુટી ગયો. સ્માર્ટ પાડોશીએ પ્રશ્ન પુછવાનું શરુ કર્યું, ‘પેલા તમારા ડૉક્ટર મીત્ર છ મહીનાથી દેખાતા નથી, પહેલા તો દર બીજે ત્રીજે દીવસે એમની સવારી આવી પહોંચતી હતી!’ સમ્બન્ધ તુટી ગયો હતો; પરન્તુ સજ્ઞને એવું કહીને વાત પતાવી કે, ‘હમણાં એમની પ્રેક્ટીસ વધી ગઈ છે, એટલે આવવાનું ઓછું થયું છે.’ ચાર દીવસ પછી પેલા પંચાતીયાઓએ ફરી પ્રશ્ન

દોહરાવ્યો, 'તમે વાત છુપાવો છો યાર, કંઈ બન્યું લાગે છે, તેઓ તમારે ત્યાં આવતા જ નથી!' કોઈની અંગત વાતમાં માથું મારવાની આપણી કુશળતા અને તત્પરતા તપાસો. છેવટે પેલા સજ્જને પીછો છોડાવવા કહ્યું, 'તેઓ મોડી રાતે તમે સૌ ઉંઘી જાઓ પછી આવે છે. કહેતા હતા, 'તમારા પાડોશીઓ ડીસ્ટર્બ થાય તે યોગ્ય નથી, તેઓ ઉંઘી જાય પછી જ આવવાનું યોગ્ય ગણાય!'

દીકરો–વહુ લડાઈ ઝઘડો કરીને જુદા રહેવા ચાલ્યા ગયા એટલે પંચાતીયાઓને વીષય મળી ગયો. બૅન્કના નીવૃત્ત ઑફીસરે સૌને એક જ વાત કરી, 'અમે જ દીકરાને ફ્લૅટ અપાવીને અલગ રહેવા અનુકુળતા કરી આપી છે. આપણે તો હવે જવાના... તેઓ જીન્દગીનો આનન્દ માણે તે આપણે જોવું જોઈએ ને!' વૅનકુવર (કેનેડા)થી મી. ખાન એક ઈ–મેલ પાઠવીને લખે છે, 'મારી બીજી પત્ની સાથેના લગ્ન સાંઈ બાબાના મન્દીરમાં એક મીત્રની સાક્ષીએ થયેલાં. દસ વર્ષના લગ્ન જીવન પછી એણે મને છોડી દીધો. હું આજે પણ એને એટલી જ ચાહું છું જેટલી સમ્બન્ધ વીચ્છેદ પુર્વે ચાહતો હતો. ઢળતી સાંજે એકલો બેઠો હોઉં ત્યારે મારા ટેબલ પર ચાના બે કપ હોય છે. એણે મને જે ખુશીઓ આપી છે તે કઈ રીતે ભુલાય? મારા માટે એની સાથેનો સમ્બન્ધ સુષુપ્ત અવસ્થામાં છે. 'મૈત્રી તુટ્યા પછી એવી રીતે વર્તો કે ફરીથી મીત્ર બનવાનું આવે તો શરમાવું ન પડે' એ સલાહને હું પુર્ણતઃ અનુસરી રહ્યો છું. મને એ યુવતી પ્રત્યે અનહદ પ્રેમ છે અને મારા મીત્રવર્તુળમાં એની વીરુદ્ધ હું એક હરફ પણ ઉચ્ચારતો નથી. એની ગેરહાજરીમાં પણ હું એની સાથે ચા, કૉફી અને ડ્રીન્કસ શેર કરું છું! મને એના પ્રત્યે કોઈ દુર્ભાવ નથી.'

માતા–પીતા અને પુત્રનો, બે મીત્રો વચ્ચેનો, બે ભાગીદારો વચ્ચેનો કે પતી–પત્ની વચ્ચેનો સમ્બન્ધ તુટે એ કોઈ નવી વાત નથી કે અસાધારણ

ઘટના નથી. સમ્બન્ધ તુટ્યા પછી કયા પાત્ર સામે આપણે હૈયાવરાળ ઠાલવી રહ્યાં છીએ તેનું ધ્યાન રાખવું પડે. એક દમ્પતી વચ્ચે ડીવોર્સનો કેસ ચાલી રહ્યો હતો. દમ્પતીને જાણવા મળ્યું કે જે સગાંસમ્બન્ધીઓ સમાધાન કરાવવાનો દાવો કરતા હતા તેઓ જ બન્ને વચ્ચે તીરાડ વધે એવી કોશીશમાં હતા! સગાંસમ્બન્ધીઓ અને શુભેચ્છકોની દાનત એ હતી કે યુવતીના ડીવોર્સ થઈ જાય તો પછી આપણો મેળ પડે ને! ‘કાઉન્સેલીંગ’ના ભાગરુપે સેંકડો કીસ્સાઓનો અભ્યાસ કર્યા પછી હું એવા નીષ્કર્ષ પર આવ્યો છું કે, જેઓ તમારા સમ્બન્ધો બચાવનારા ફરીશ્તાઓ દેખાય છે તેઓ જ તમારો સમ્બન્ધ તુટે એવી મેલી રમતો રમનારાં શેતાનો હોય છે. પતી–પત્ની, ધંધાકીય ભાગીદારો અને માતા–પીતા તથા સંતાનો વચ્ચેના સમ્બન્ધોમાં તીરાડ પડે ત્યારે ‘ન્યાયાધીશ’ની પસન્દગીમાં ખુબ કાળજી રાખવી. ‘સાહેબ, મને ન્યાય અપાવો’ એવી કાકલુદી જેમની સામે થતી હોય છે તેઓ સ્વયં આપણા પવીત્ર સમ્બન્ધને ફાંસો દેનારા જલ્લાદો હોઈ શકે છે તે હમ્મેશાં યાદ રાખવું. જ્યારે સમ્બન્ધ તુટે ત્યારે નીચેની ટીપ્સને ધ્યાનમાં રાખીને વર્તન વ્યવહાર કરો, સમ્બન્ધ તુટ્યા પછીની આ આચારસંહીતા છે :

– સમ્બન્ધ તુટ્યા પછીનું આપણું વર્તન આપણા સંસ્કાર પ્રગટ કરે છે તે હમ્મેશાં યાદ રાખવું.

– સમ્બન્ધ પુનઃ સ્થાપીત થાય તો શરમાવું પડે એવું કોઈ કૃત્ય આચરવાથી દુર રહેવું.

– કોઈ પણ સમ્બન્ધ આપણી જીન્દગી કરતા વધારે મહત્ત્વનો કે મુલ્યવાન ન હોઈ શકે.

– સમ્બન્ધવીચ્છેદ કદી પણ **આત્મહત્યા**માં ન પરીણમે તેનું ધ્યાન રાખો.

– તુટેલા સમ્બન્ધ અંગે બીજાઓ સામે રોદણાં રડવાથી બચો. સહાનુભુતી દર્શાવનારા સ્વાર્થી માણસો બદઈરાદાથી એવું કરતા હોવાની શક્યતાને ધ્યાનમાં લેજો.

– **‘આત્મદયા’**ની લાગણીથી બચવું. **ગરીબડું વ્યક્તીત્વ** લઈને ફર્યા કરવું યોગ્ય નથી.

– સમ્બન્ધ તુટવાની સ્થીતીમાં પોતાના કોણ છે અને પરાયા કોણ છે તે નક્કી કરતી વેળાએ **સ્માર્ટ** બનજો.

– સમ્બન્ધ તુટે છે ત્યારે આપણી પાસે વાત કઢાવવા ઘણાં માણસો ફરકવા માંડશે. **સૌની સામે દૃઢતાપુર્વક મૌન જાળવજો. જેઓ બાતમી મેળવવા હઠાગ્રહ કરે તેઓ અપમાનીત થવાને પાત્ર છે, એમનો આદર જાળવવાની જરુર નથી.** ‘આપને આ બધી વાતોમાં કેમ આટલો બધો રસ પડ્યો?’ એવું હઠાગ્રહીઓને તીવ્ર નારાજી સાથે પુછી શકાય.

– તુટેલા સમ્બન્ધની અસર આપણા રોજીન્દા જીવન પર ન પડે તેની કાળજી લેવી. ડીવોર્સ થઈ ગયા પછી એક યુવતી એટલી બધી ડીપ્રેશનમાં આવી ગઈ કે નોકરીના સ્થળે જવામાં તથા ફરજ બજાવવામાં બેદરકાર બની ગઈ. પરીણામ એ આવ્યું કે એણે નોકરી ગુમાવવી પડી. બાળકોની પરવરીશ કરવામાં પણ એને ખુબ તકલીફ પડી.

એક મીત્રએ મોકલેલા એક મુલ્યવાન સુવીચાર સાથે આ ચર્ચા સમાપ્ત કરીએ.


‘વ્હેન પીપલ વૉકઅવે ફ્રોમ યુ, લેટ ધેમ ગો. યૉર ડેસ્ટીની ઈઝ નેવર ટાઈડ ટુ એની વન હુ લીવ્સ્ યુ ઍન્ડ ઈટ ડઝન્ટ મીન ધે આર બૅડ પીપલ. ઈટ જસ્ટ મીન્સ ધેટ ધેર પાર્ટ ઈન યૉર સ્ટોરી ઈઝ ઓવર.’ જ્યારે લોકો તમારાથી દુર ચાલ્યા જાય, તેમને જવા દો. જેઓ તમને છોડી દે છે એવા કોઈની પણ સાથે તમારું નસીબ જોડાયેલું નથી. તેઓ ખરાબ માણસો છે એવું નથી. એનો અર્થ એટલો જ છે કે તમારી કહાણીમાં એમની ભુમીકા પુરી થઈ ગઈ છે!



મેઘધનુષ

મારી બાકીની
આંગળીઓને
એ આંગળીની
ઈર્ષ્યા આવે છે
જે આંગળીને પકડીને
મારી દીકરી
ચાલતી હતી!

…અજ્ઞાત…



07

મેં વીતેલું લખ્યું છે;
વીણેલું નથી લખ્યું

‘સમ્બન્ધ બાંધતી વખતે કાળજી રાખવામાં આવે તો છેતરાવાથી અને દુઃખી થવાથી બચી શકાય. એક સંશોધન દરમીયાન જાણવા મળ્યું કે સમકક્ષો વચ્ચેના સમ્બન્ધો દીર્ઘજીવી હોય છે અને આપત્તીજનક પુરવાર થતા નથી, “કૃષ્ણ અને સુદામાના સમ્બન્ધ ટક્યા તો આપણા કેમ નહીં ટકે?’ એ પ્રશ્ન બેવજુદ છે. અહંકાર અને ઈર્ષ્યા–અદેખાઈ, સમ્બન્ધના મુખ્ય શત્રુઓ છે. પરીવારના ભોગે સમ્બન્ધોની માવજત કરવી એ ખોટનો સોદો ગણાય. બહારના સમ્બન્ધોને સાચવવા પરીવારની ઉપેક્ષા કરવી એ શ્રેષ્ઠ કક્ષાની બેવકૂફી છે.’

અનુક્રમણીકા

સમ્બન્ધો બાંધતી વખતે કઈ કાળજી રાખવી જોઈએ તે અંગેની વધુ બે ટીપ્સ પર નજર ફેરવી લઈએ :

● સમ્બન્ધ 'સમકક્ષો' વચ્ચેનો હોય તો શોભે અને અતુટ રહે

સંસ્કાર, શીક્ષણ, સમ્પત્તી, હોદ્દો, વ્યવસાય વગેરે માપદંડને નજર સમક્ષ રાખીને સમ્બન્ધ બાંધીએ તો હડધુત થવાની કે છેતરાવાની નોબત ન આવે. કૃષ્ણ અને સુદામાનો સમ્બન્ધ એક નમુનેદાર અપવાદ ગણાય. બધા સુદામાઓના અનુભવ સુખદ નથી હોતા. આપણી હેસીયત સમજીને સમ્બન્ધ બાંધીએ તો ઉપેક્ષા, અવગણના અને સ્વમાનભંગથી બચી શકાય. સાધારણ કક્ષાનો માણસ ખુબ મોટા માણસ સાથે સમ્બન્ધ વીકસાવે ત્યારે એમ કરવા પાછળ કોઈ લાભ (દલ્લો!) મેળવવાની ગણતરી હોઈ શકે છે. આપણાથી ખુબ આગળ હોય, મોટા હોય, સમૃદ્ધ અને સુખ્યાત હોય એવા માણસ સાથે સમ્બન્ધ વીકસાવવા કે ટકાવવા માટે આત્મસન્માનનો ભોગ આપવો પડે એવી શક્યતા સ્વીકારીને ચાલવાનું. અસમાન માણસો વચ્ચેનો સમ્બન્ધ ક્ષણભંગુર હોય છે, તે મોટે ભાગે જલદી તુટી જાય છે. સુખદ અપવાદો માફ! આ પ્રકારના સમ્બન્ધોને ટકાવવા માટે માથું રગડ્યા કરવાને બદલે એમાંથી સવેળા આદરપુર્વક બહાર નીકળી જવું એ વધુ કલ્યાણકારી છે.

● પરીવારના ભોગે સમ્બન્ધની માવજત લેવી પડે એ ઈચ્છનીય નથી

પરીવારના ભોગે સમ્બન્ધની માવજત લેવી એટલે શું તે પહેલાં સમજી લઈએ. એક સજ્જન એવા મીત્રોની ટોળકી સાથે સમ્બન્ધથી જોડાયા, જેઓ રોજ રાત્રે ચાર–પાંચ કલાક ભેગા મળીને શરાબની મહેફીલ જમાવતા. રાત્રે આઠ વાગે શરુ થતા વૈવીધ્યપુર્ણ કાર્યક્રમો બાર અને એકની વચ્ચે પુરા થતા. એ મહેફીલમાં પત્નીઓના પ્રવેશ પર પ્રતીબંધ હતો. એ ભલાભોળા માણસને ટોળકીનાં નીતી–નીયમોની જાણ કરીને 'મીત્રમંડળ'માં પ્રવેશ અપાયો. ઘરે ચૌદ વર્ષની દીકરી અને દસ વર્ષનો પુત્ર મમ્મીને પુછ્યા કરતાં,

'પપ્પા ક્યારે આવશે? પપ્પા કેમ રોજ આટલા બધા મોડા આવે છે?' દસેક વર્ષ ચાલેલી એ મહેફીલોએ સન્તાનોને સંસ્કારથી વંચીત રાખ્યાં અને સમગ્ર પરીવાર ભયાનક દુર્દશામાં સપડાયો. જ્યારે પરીવારના ભોગે કોઈ એક સમ્બન્ધ સાચવવાનો હોય ત્યારે, શાણો માણસ એ સમ્બન્ધમાં બંધાતા પહેલાં હજાર વાર વીચાર કરે છે.

'અમે એવા જીગરજાન મીત્રો છીએ કે રોજ સાંજે કૉફી–હાઉસમાં ત્રણ–ચાર કલાક ભેગા ન થઈએ તો અમને ચેન ન પડે!' પરીવારના સભ્યોને ઘરે તડપતા છોડીને આવા સમ્બન્ધો નીભાવતા અને તેને માટે ગૌરવ લેતા, મુર્ખ માણસોની સંખ્યા ધારીએ છીએ એટલી નાની નથી. 'દર શની–રવી અમે દમણ ઉપડી જઈએ છીએ અને જીન્દગીને ખુબ કરીબથી માણીએ છીએ,' એવી બડાશ હાંકતા એક ધનીક માણસને મેં પ્રેમથી પુછ્યું હતું, 'અમે એટલે કોણ?' આ રીતે જીન્દગીને ખુબ નજીકથી માણનારાઓ પત્ની અને સંતાનોને ઘરે મુકીને જ પટાયાની બીઝનેસ–ટુર પર દર ત્રીજેચોથે મહીને દોડતા હોય છે. જ્યારે કોઈ એક વ્યક્તી સાથે કે ગેંગ સાથે સમ્બન્ધથી બંધાઈએ ત્યારે નીર્ણય લેતા પુર્વે પોતાને પુછવા જેવો પ્રશ્ન આ છે, 'મારા પરીવારજીવન પર આ સમ્બન્ધની કેવી અસર પડશે?' કોઈ એક સમ્બન્ધને સાચવવા જ્યારે માણસ મીત્રો સાથે વારંવાર દમણ, ગોવા કે થાઈલૅન્ડ દોડતો હોય છે, ત્યારે એની ગેરહાજરીમાં એના પરીવારજનો પણ કુટુમ્બને અપયશ અપાવે એવા સમ્બન્ધનાં કુંડાળાં રચતા હોય છે. જ્યારે કોઈ એક સમ્બન્ધને પરીવારના ભોગે સાચવવામાં આવે ત્યારે એ ખોટનો સોદો સાબીત થાય છે. 'વધુ એક સમ્બન્ધ નીભાવવા માટે મારી પાસે સમય અને શક્તી છે?' આ પ્રશ્નનો ઉત્તર તપાસી લો.

'નીકટતમ સમ્બન્ધો જેટલા ઓછા હોય, એટલા આપણે વધારે સુખ શાન્તીથી જીવી શકીએ' એવા અહીં રજુ થયેલા વીચાર સાથે ઘણા સમ્મત નહીં થાય, એવું બને. એંસીની વય વટાવી ચુકેલા એક વરીષ્ઠ નાગરીકે તીવ્ર વેદના સાથે જણાવ્યું, 'મારી કમાણીમાંથી ખરીદેલા અને સજાવેલા ઘરમાંથી મને કાઢી મુકવા મારો દીકરો રોજ ઝઘડો કરે છે. 'ભાઈ, તું મને અહીંથી શા માટે કાઢવા ઈચ્છે છે?' એ પ્રશ્નના ઉત્તરમાં મારો પાટવીકુંવર બરાડીને કહે છે, 'મારી બૈરીને તમે નથી ગમતા! અમને તમારી સાથે માનસીક ત્રાસ થાય છે.' આ વૃદ્ધ પીતાની હીમ્મત અને દુઃખોની પરાકાષ્ઠા જુઓ... તેઓ કહે છે, 'સાહેબ, મારી વેદના અને દુર્દશાની વાત તમે મારા નામ સાથે લખો... મને કોઈ વાંધો નથી; કારણ કે હું અને મારાં પત્ની એટલી હદે ત્રાસ ભોગવીએ છીએ કે મારું નામ જાહેર થાય તોયે મને કોઈ ફેર પડવાનો નથી.'

પ્રીય વાચક, આધુનીક યુગના સ્વાર્થી સમ્બન્ધોનું સ્વરુપ તપાસો. એ મહાશય રડતાં રડતાં ઉમેરે છે : 'મારો દીકરો કૉલેજમાં ભણતો હતો ત્યારે કરકસરથી જીવીને અમે તેની જીદ્ પુરી કરતા. એ સમયે ઓગણીસ વર્ષનો મારો દીકરો વારંવાર ઉષ્માપુર્વક મારો હાથ પકડીને બોલતો, 'પપ્પાજી, તમે કેટલા સારા છો... કેટલા પ્રેમાળ છો.' સાહેબ, આજે પણ હું પ્રેમાળ પપ્પા જ છું, ફર્ક એટલો પડ્યો કે હવે હું વૃદ્ધ થયો છું, એટલે મારો જ પુત્ર રોજ ઉઠીને મને ગાળો ભાંડે છે, સમાજમાં પણ મારી નીંદા–ટીકા કરતો ફરે છે. મને સાહીત્યનો ખુબ શોખ છે. એક દીવસ મેં પુત્રને તેની પત્નીની હાજરીમાં જ પુછી લીધું, 'દીકરા, વીસ વર્ષ પુર્વે તું મારા ગુણગાન માટે કવીતાઓ રચતો હતો... હવે હું વૃદ્ધ થયો એટલે મને રોજ ઉઠીને ગાળો ભાંડવાની? હું તને સંસ્કાર ન આપી શક્યો એ વાત હવે મને સમજાતી જાય છે.'

જીન્દગીમાં ઉમેરાતો નવો સમ્બન્ધ નીભાવવા માટે આપણી પાસે સમય અને શક્તી છે કે નહીં, તે તપાસી લેવું જોઈએ.


(શીર્ષક પંક્તી : ‘અમર’ પાલનપુરી)



મેઘધનુષ

જ્યાં સુધી આપણે એ
લોકોને માફ નથી કરતા,
જેમણે આપણને દુ:ખી કર્યા હોય;
ત્યાં સુધી તેઓ આપણા મનમાં,
ભાડું ભર્યા વગર,
મફતની જગ્યા રોકે છે!

...અજ્ઞાત...



08

સડેલા સમ્બન્ધો તુટે,
એ મંગલમય ઘટના ગણાય

‘સમ્બન્ધ તુટવાની અને રચાવાની પ્રક્રીયા વણથંભી ચાલ્યા કરે છે. જેમ શાસ્ત્રો મૃત્યુને મંગલમય ગણવાની સલાહ આપે છે, એ જ રીતે સમ્બન્ધશાસ્ત્રના તજજ્ઞો સમ્બન્ધ તુટવાની દુર્ઘટનાને મંગલમય ગણીને સહજતાથી સ્વીકારવાનો મત રજુ કરે છે. એક સન્નારીએ પોતાના પુરુષ મીત્ર સાથેનો સમ્બન્ધ તુટ્યો ત્યાર પછી, એ બનાવમાં રસ દાખવનાર પંચાતીયાઓને એક જ ઉત્તર આપ્યો; ‘અમારા સમ્બન્ધો સુષુપ્ત અવસ્થામાં છે, તુટ્યા નથી; જશ્ન મનાવવાથી દુર રહેજો!’ તુટેલા સમ્બન્ધ અંગે મૌન જાળવીને, પંચાતીયાઓને તડપાવવાની મજા માણીએ’

અનુક્રમણીકા

બે માણસો વચ્ચેનો સમ્બન્ધ તુટે અને કોઈ એકની આત્મહત્યામાં પરીણમે એ ખુબ આઘાતજનક દુર્ઘટના ગણાય. સમ્બન્ધ રચાવાની અને તુટવાની પ્રક્રીયા ચાલ્યા કરવાની, તેનો સહજતાથી સ્વીકાર થવો જોઈએ. સમ્બન્ધ કેમ તુટે છે અને સમ્બન્ધોને કઈ રીતે સાચવવા જોઈએ એ બધી વાતો ખુબ જાણીતી છે અને તેનું પુનરાવર્તન ટાળીને આગળ વધીએ. સમ્બન્ધમાં ગણતરી ન હોવી જોઈએ, સ્વાર્થ ન હોવો જોઈએ, સમ્બન્ધમાં

આપવાનું હોય છે; લેવાની અપેક્ષા ન રાખવી જોઈએ. ભુલ હોય કે ન હોય, ક્ષમા માગી લઈને; પણ સમ્બન્ધ સાચવી લેવો જોઈએ. સમ્બન્ધની કાળજી લેવાવી જોઈએ. સમ્બન્ધ માવજત માંગી લે છે. સમ્બન્ધમાં પ્રેમ અને સમયનું સીંચન કરતા રહેવું જોઈએ, વગેરે વગેરે. આ તમામ સમ્બન્ધ–સુત્રોથી આપણે વાકેફ છીએ. કોઈ પણ સમ્બન્ધ કોઈ એકના કે બન્નેના, અહંકારને કારણે કે ઈર્ષ્યા અદેખાઈને કારણે તુટે છે, એ રહસ્ય પણ અછતું નથી. સમ્બન્ધ તુટવાની દુર્ઘટનાને અનુલક્ષીને બે પ્રશ્નો પર ગહન ચીંતન કરવાની જરુર વર્તાય છે :

(1) સમ્બન્ધ તુટવાની દુર્ઘટનાને અટકાવી શકાય ખરી? જો હા; તો શી રીતે?

(2) સમ્બન્ધ તુટ્યા પછી શી રીતે વર્તવું જેથી 'સદ્ગત સમ્બન્ધ'નું ગૌરવ જાળવી શકાય.

પ્રથમ પ્રશ્ન પર થોડી ચર્ચા કરી લઈએ. સમ્બન્ધ તુટવાની પ્રક્રીયાને અટકાવી શકાતી નથી. ક્યારેક પતી–પત્ની વચ્ચેના, પીતા–પુત્ર વચ્ચેના કે મીત્ર–મીત્ર વચ્ચેના સમ્બન્ધો એટલા તો વણસી જતા હોય છે કે આપણે પ્રભુને પ્રાર્થના કરવી પડે : 'હે પ્રભુ, આ સમ્બન્ધથી એમને મુક્ત કર.' જ્યારે સમ્બન્ધ અસહ્ય બની જાય ત્યારે એ સમ્બન્ધનું તુટવું મંગલમય ગણાય. રોજ છુટ્ટા હાથની મારામારી કરી પાડોશીઓને મનોરંજન પુરું પાડતું દમ્પતી, ડીવોર્સ લઈને છુટું પડે તો એને દુર્ઘટના ન કહેવાય; મંગલમય ઘટના જ ગણવી જોઈએ. બાળકો માટે ડીવોર્સ દુર્ઘટના સાબીત થાય એ વાત જુદી છે. સમ્બન્ધ તુટે છે ત્યારે બન્ને પક્ષે એવું મનાવવામાં આવે છે કે; 'એમાં મારો કોઈ દોષ નથી. એમનાં સ્વભાવને કારણે, એમનાં ગેરવર્તનને કારણે મારે

ડીવોર્સ લેવા પડ્યા!' આવું બને ત્યારે સત્ય હમ્મેશાં અડધે રસ્તે હોય છે. સમ્બન્ધ તુટે ત્યારે બન્ને પક્ષોની થોડી–ઘણી જવાબદારી બને છે. કોઈ એક સમ્બન્ધ આપણે કારણે ન તુટે એટલી કાળજી લીધી હોય તો પછી સમ્બન્ધનું તુટવું આપણને અપરાધ ગ્રંથીથી બચાવી શકશે. 'સમ્બન્ધ ન તુટે એ માટે મેં તમામ પ્રયત્નો કર્યા છે ખરા?' એ પ્રશ્ન પોતાને પુછો. જવાબ 'હા' માં મળે તો તમારે દુઃખી થવાની જરુર નથી. બોજારુપ બની ગયેલા સમ્બન્ધોને 'વેન્ટીલેટર' પર રાખીને જીવાડતા રહેવામાં કોઈ શાણપણ નથી. પુત્ર અને પુત્રવધુ દરરોજ અપમાનીત કરે છે, હડધુત કરે છે, તોયે લોકલાજે એમની સાથે પડી રહેવાનું યોગ્ય છે? ના, ના, હરગીજ નહીં.

મરવાના વાંકે જીવી રહેલા સમ્બન્ધોમાં એક જ ચીન્તા અને એક જ ભય બન્ને પક્ષને અથવા કોઈ એક પક્ષને સતાવતાં હોય છે, 'અમે છુટા પડી જઈએ તો લોકો શું કહેશે? આપણી સામાજીક પ્રતીષ્ઠાને કેટલી હાની પહોંચશે!' સમ્બન્ધથી જોડાયેલા માણસો છુટા પડી જાય, એ ખુબ જ આઘાતજનક બનાવ છે અને એવું કદી ન બનવું જોઈએ, એમ હું સમજું છું. પરન્તુ લડાઈ ઝઘડાની અને અણબનાવોની પરાકાષ્ઠા આવી જાય ત્યારે સમ્બન્ધનું તુટવું આશીર્વાદરુપ ગણાવું જોઈએ. કોઈ પણ સમ્બન્ધ અચાનક, રાતોરાત તુટતો નથી. તુટતાં પુર્વે તે અનેક વખત સમ્બન્ધીત માણસોને નોટીસ મોકલાવે છે, ચેતવણી આપે છે, 'હવે હું તુટવા તરફ આગળ વધી રહ્યો છું. મને બચાવવા ઈચ્છતા હો તો બચાવકાર્ય શરુ કરો, તમારી રીત–રસમોમાં, તમારાં વર્તન–વ્યવહારમાં, તમારી આક્રમક જીવનશૈલીમાં પરીવર્તન લાવો.'

જ્યારે આવી ચેતવણી મળે ત્યારે આપણે 'ડેમેજ–કન્ટ્રોલ' માટેની કવાયત શરુ કરી દેવી પડે અથવા સમ્બન્ધ તુટવાની દુર્ઘટનાને આવકારવા તૈયાર રહેવું પડે. તુટતા સમ્બન્ધને બચાવવા સમાધાનવૃત્તી અને સહીષ્ણુતા

શ્રેષ્ઠ ઉપાય છે. હા, એ ખરું કે, આ બચાવ પ્રયુક્તીઓ એક હદ સુધી કારગત નીવડે છે. જો કોઈ એક પક્ષ 'હવે મારે સમ્બન્ધથી છુટકારો મેળવવો જ છે.' એવું સમજીવીચારીને સતત માનસીક કે શારીરીક પ્રહારો ચાલુ રાખે તો એવા પક્ષાઘાત પામેલા સમ્બન્ધને જીવાડવામાં માનસીક યાતનાઓ સીવાય કંઈ પ્રાપ્ત થતું નથી.

પેલા વડીલમીત્ર, પુત્ર અને પુત્રવધુના ત્રાસથી સતત પીડા અનુભવી રહ્યા છે. એમને હીતચીન્તકો તરફથી બે પ્રકારની સલાહ મળે છે, 'કોઈ પણ હીસાબે ઘર છોડશો નહીં. તમે ઘર છોડીને જશો એટલે દીકરો–વહુ ઘર પચાવી પાડશે.' બીજી સલાહ એ મળતી રહી છે, 'અહીંથી ચાલ્યા જાઓ, બચી નીકળો, ક્યાં સુધી આ ત્રાસ સહન કરશો?' એંસીની વય વટાવી ચુકેલા વડીલ, પત્ની અને મન્દબુદ્ધીના દીકરા સાથે જાય તો ક્યાં જાય? કોના સહારે જાય? જીન્દગી, માણસને કેવા ત્રીભેટે લાવીને પછાડે છે તે જુઓ ! 'દીકરા–વહુ સાથેનો સમ્બન્ધ સાચવી રાખો, ઘર છોડીને જવાની જરુર નથી' એ સલાહ છે તો સાચી; પરન્તુ પ્રશ્ન એ ઉદ્ભવે છે કે, 'કયો સમ્બન્ધ? કેવો સમ્બન્ધ? અને કોની સાથેનો સમ્બન્ધ સાચવવાનો છે, ભાઈ? જ્યાં કોઈ જાતનો સમ્બન્ધ જ નથી ત્યાં એને સાચવવાની વાત ક્યાંથી આવી?' હા, દીકરા–વહુ સાથેનો નહીં; ઘર સાથેનો સમ્બન્ધ સાચવી રાખવા જેવો ખરો!

મુદ્દે વાત આટલી; શક્ય હોય ત્યાં સુધી સમ્બન્ધને સાચવી લો, તુટવા ન દો. નહીં છુટકે તુટતા સમ્બન્ધને સહજતાથી સ્વીકારી લો. તુટેલા 'સદ્ગત સમ્બન્ધ' પર રડવા કકળવાનું ટાળો, લૌકીક રીવાજો તો તદ્દન બન્ધ!



મેઘધનુષ

જીન્દગી મેં યે હુનર ભી આજમાના ચાહીએ,
જંગ અગર અપનોંસે હો, તો હાર જાના ચાહીએ.

...અજ્ઞાત...



09

સમ્બન્ધ બાંધતી વખતે કઈ કાળજી રાખશો?

> ‘સમ્બન્ધ એ પસન્દગીનો વીષય છે. આપણે આપણી મરજીથી સમ્બન્ધ બાંધીએ છીએ. સમ્બન્ધ બાંધતી વખતે માત્ર સામેની વ્યક્તીના નહીં; આપણા પણ છુપા (સ્વાર્થના) હેતુઓ હોઈ શકે છે. ‘આપણે સમ્બન્ધ બાંધતા નથી, એ તો આપોઆપ બંધાઈ જાય છે’ એ માન્યતા અને આ વીધાન સદન્તર ગલત છે. પરીચય ગમે ત્યાં, ગમે તેની સાથે થઈ જાય એ શક્ય છે. જો કે, પરીચય માગવો પડે છે, ત્યાર પછી આપવો પડે છે; ત્યાર પછી પરીચય બન્ધાય છે. અરે, પરીચય પણ પસન્દગીથી, ઈચ્છાથી – બાય ચોઈસ – થાય છે. સમ્બન્ધોમાં છેતરાતો માણસ નસીબને કે સંજોગોને દોષ આપે એ ખોટું છે.’

અનુક્રમણીકા

સમ્બન્ધ બાંધતી વખતે કઈ કાળજીઓ રાખવી જોઈએ તેની ચર્ચા શરુ કરીએ તે પુર્વે એક વાત સમજી લઈએ; ‘સમ્બન્ધ’ના ક્ષેત્રમાં પ્રવેશવું કે ન પ્રવેશવું એ સ્વયં આપણે નક્કી કરવાનું હોય છે. ‘સમ્બન્ધ તો આપોઆપ બંધાઈ જાય છે’ એ માન્યતા તદ્દન ખોટી છે અને સમ્બન્ધમાં છેતરાયા પછી પોતાને નીર્દોષ જાહેર કરવા માટેની પ્રયુક્તી છે. સમ્બન્ધ બાંધવો એ ‘સો ગળણે ગાળીને’ આગળ વધવાનો વીષય છે, એમાં ઉતાવળે કુદી પડનારો

જાનનું જોખમ વહોરી લેતો હોય છે. જ્યારે એકાદ બે મહીનાનો પરીચય, સમ્બન્ધનું સ્વરુપ ધારણ કરી લે છે ત્યારે છેતરાવાની અને દુર્ઘટનાનો ભોગ બનવાની સંભાવના વધી જાય છે.

કોઈ પણ અલ્પ પરીચયને કે દીર્ઘ પરીચયને 'સમ્બન્ધ'નું નામ આપીએ ત્યારે નીચેની ટીપ્સ્ ધ્યાનમાં રાખીએ તો છેતરાવાથી બચી શકાય :

1. સમ્બન્ધ બાંધવા પાછળના હેતુઓ અંગે સ્પષ્ટ થઈ જવું

આપણે પુર્વચર્ચા કરી છે તે અનુસાર નવો સમ્બન્ધ નીર્માણ પામવાની પ્રક્રીયામાં હોય ત્યારે એક પ્રશ્નનો ઉત્તર મેળવીને પછી આગળ વધવું; 'સમ્બન્ધ બાંધવાની પહેલ કોણ કરી રહ્યું છે, પરીચયને સમ્બન્ધમાં ફેરવવાની ઉતાવળ કોને છે? સમ્બન્ધ બાંધવા માટેની તમામ શરતો સંતોષાતી હોવાથી આપણે પોતે સમ્બન્ધ બાંધવા માટે આપણો હાથ લંબાવી રહ્યા હોઈએ ત્યારે, કોઈ પ્રશ્ન ઉભો થતો નથી. હા, સમ્બન્ધમાં છેતરાવાનું આવે, ધોખાબાજી થાય ત્યારે સામી વ્યક્તીને દોષ દેવા માટેનું કોઈ કારણ બચતું નથી. સમ્બન્ધ બાંધવા માટે પહેલો હાથ આપણે લંબાવ્યો હતો એટલે દોષનો ટોપલો આપણા પોતાના માથે ઓઢવાનો રહે છે તે યાદ રાખવું.

પરીચયને 'સમ્બન્ધ'માં ફેરવવાની ઉતાવળ સામેની વ્યક્તીને હોય ત્યારે સમ્પુર્ણ સાવધાની અને કાળજી રાખીને આગળ વધવું. 'મારી સાથે સમ્બન્ધ વીકસાવવામાં એમને આટલી બધી ઉતાવળ અને આટલો બધો રસ કેમ છે?' એ પ્રશ્નનો ઉત્તર આપણને સમ્બન્ધ બાંધવા પાછળના દેખીતા અને છુપા હેતુઓ જાણવા તરફ દોરી જશે. બદઈરાદે ઝડપથી તમારી સાથે

સમ્બન્ધ વીકસાવવા ઈચ્છતા શખ્સને તમારા પૈસામાં, તમારી મીલકતમાં, તમારી ખુબસુરત પત્ની કે દીકરીમાં, તમારી ગર્લફ્રેન્ડમાં, તમારા ખર્ચે તથા તમારા હીસાબે અને જોખમે ઐયાશી કરવામાં રસ પડ્યો હોય એવું બની શકે. સમ્બન્ધ વીકસાવવા માટે સામેની પાર્ટી તેજ રફ્તારથી આપણા તરફ દોટ મુકે ત્યારે ખાસ ચેતી જવું અને અલ્પ પરીચય કે માત્ર પરીચયના મોડ પર થંભી જવું, સ્થગીત થઈ જવું. માત્ર 'અલ્પ પરીચીત'ની હેસીયત ધરાવતા શખ્સને, ટુંકા ગાળામાં નીકટના સમ્બન્ધની વ્યાખ્યામાં મુકીને બરબાદ થયેલા કેટલાયે માણસોની દુર્દશા મારી નજર સામે છે.

આ પુસ્તીકાના ઉદ્ભવ પાછળ 'કાઉન્સેલીંગ' નીમીત્તે મારા સમ્પર્કમાં આવેલા એ અભાગીયા, છેતરાયેલા જીવો છે. કોઈની પણ સાથે સમ્બન્ધથી જોડાતા પહેલાં સામેની વ્યક્તીના એમ કરવા પાછળના હેતુઓ કયા હોઈ શકે તે જાણી–સમજી લો. 'મારી સાથે સમ્બન્ધ વીકસાવવામાં તમારો કોઈ મલીન હેતુ તો નથી ને?' એવો સીધો પ્રશ્ન સામેની વ્યક્તીને પુછવા જેટલા ભોળા કદી બનશો નહીં. એ કદી એવું નથી કહેવાનો કે, 'હા, મીત્ર... મારી નજર તારી ખુબસુરત પત્ની પર છે!' સામેના માણસની બૉડી લેંગ્વેજ, તેની પારીવારીક ભુમીકા (ફૅમીલી બૅકગ્રાઉન્ડ), એની આંખોમાં દોડાદોડી કરી રહેલાં ઝેરી સાપોલીયાં; એ બધાનો ઉંડો અભ્યાસ કરવાથી સમ્બન્ધ બાંધવા પાછળના છુપા હેતુઓનો રહસ્યસ્ફોટ થઈ જશે. સમ્બન્ધ બાંધતી વખતે સામેના માણસની જાહોજલાલી, વીદ્વત્તા, છટાદાર અભીવ્યક્તી, વસ્ત્રોની પસંદગી અને સ્ટાઈલ, ઉંચો હોદ્દો, એવી કોઈ વાતથી પ્રભાવીત થવાથી બચજો. આ બધાં જ વાનાં તેમને છેતરવા માટે અને સમ્બન્ધની જાળમાં ફસાવવા માટે છે, એમ સમજજો. સમ્બન્ધ બાંધતા પુર્વે સામેના

માણસના આંતરમનમાં ડોકીયું કરીને કે ડુબકી લગાવીને પછી જ આગળ વધવું.

2. નવા સમ્બન્ધો બાંધતી વખતે વડીલો કે જીવનસાથીની સલાહ ધ્યાનમાં લો

તમે નવા મીત્રને લઈને ઘરે આવો છો. એક કલાકના રોકાણ દરમીયાન મીત્ર 'સ્માર્ટ ફોન'ની રીંગ વાગી કે તરત દોડીને ઘરની બહાર નીકળી ગયો. આવું એક–બે વાર નહીં, સાત વખત બન્યું! એક કલાકમાં સાત ફોન કૉલ્સ! સ્ત્રી મીત્રોના જ હોવા જોઈએ; નહીં તો ભડવીર આમ બાવરો બાવરો થઈને બહાર શા માટે દોડે? મીત્રની વીદાય પછી પત્નીએ કહ્યું, 'આ માણસથી જરા સાચવજો, એનાં લખ્ખણ સારાં નથી દેખાતાં.' આપે પત્નીની વાત ધ્યાને ન લીધી અને ભેખડે જઈને ભેરવાયા. બદમાસ માણસને સ્ત્રીઓ તેની નજર પરથી ઓળખી લેતી હોય છે. તરુણાવસ્થાનો રોમાંચ માણતાં છોકરા–છોકરીઓ, સમ્બન્ધ બાંધતી વખતે માતા–પીતાની સલાહને સાંભળે જરુર; અનુસરવું – ન અનુસરવું પછીની વાત છે. કેટલીક વાર જેને તમે સૌથી નજીકનો મીત્ર ગણો છો એ જ તમારી કબર ખોદી રહ્યો હોય છે. આપણને અણસાર મળે ત્યાં સુધીમાં તો આપણે જીવતાં દટાઈ ગયા હોઈએ! બસ, એક જ મેસેજ આપવા માટે હું આ લાંબી વાતો લખી રહ્યો છું, અલ્પ પરીચયને ગાઢ સમ્બન્ધમાં ફેરવતા પહેલાં લાંબો વીચાર કરજો, જેથી છેતરપીંડી અને કારમી વેદનાઓથી બચી જવાય.

કોઈ એક સમ્બન્ધ બાંધવા પાછળ માતા–પીતાની કે જીવનસાથીની લાલબત્તી હોય તો એક વાર – માત્ર એક વાર, એમની આંખોમાં આંખ પરોવીને પુછી લો; 'બટ વ્હાય? મને સમજાવો કે એમની સાથે સમ્બન્ધથી


બંધાવામાં વાંધો શો છે?' તેઓ જે કહે છે તેને કોઈ પુર્વગ્રહ વગર શાન્તીથી સાંભળો અને સમજો. પછી તમારો અંતરાત્મા તમને જે દીશા સુઝાડે એ દીશામાં આગળ વધવાની તમને છુટ. ઉંડા કુવામાં ખાબકતા પહેલાં, આપણા મીત્રોની અને સ્વજનોની સલાહ લેવામાં કંઈ જ ગુમાવવાનું નથી!



મેઘધનુષ

સાંજ ઢળતી હોય ત્યારે,
માથે હાથ ફેરવતાં ફેરવતાં,
સાસરેથી આવેલી દીકરી આપણને કહે :
'તમે ખુબ થાકી ગયા છો પપ્પા, પાણી આપું?
થોડોક આરામ કરતા હો તો?'
ત્યારે આપણે એકાએક સભાન થઈ જઈએ છીએ.
ધીમે ધીમે હવે આપણી જ 'દીકરી',
આપણી 'મા' બનતી જાય છે!

...વીપીન પરીખ...



10

સમ્બન્ધ છે તો જીવન છે

'આપણા આનન્દમય જીવનને અસર પહોંચાડતાં કેટલાંક પરીબળોમાં સમ્બન્ધોનું સ્થાન અગ્રક્રમે આવે. ચીન્તકો અને સાહીત્યકારોએ પ્રેમ, સમ્બન્ધ, મૈત્રી અને જીન્દગીને અનુલક્ષીને ખુબ વીચાર્યું છે અને લખ્યું છે. થોડા દીવસો પર એક મીત્રે સમ્બન્ધને કેન્દ્રમાં રાખીને લખાયેલા સુંદર વીચારો 'ઈ.મેલ'થી રવાના કર્યા. આવી રીતે પ્રાપ્ત થતી સામગ્રીના રચયીતા કોણ છે તે જાણી શકાતું નથી; છતાં 'ગમતાનો કરીએ ગુલાલ' એ ભાવના સાથે આવી સારી સારી વાતો વાચકો સાથે વહેંચવાની ઈચ્છા રહ્યા કરે છે. સમ્બન્ધોને કઈ રીતે અને કઈ હદે સાચવવા જોઈએ, સમ્બન્ધ તુટે નહીં તે માટે શું કરવું, તુટેલા સમ્બન્ધ માટે રડવું કે જશ્ન મનાવવો વગેરે પ્રકારના પ્રશ્નો જીવનનાં કોઈને કોઈ તબક્કે માણસને મુંઝવતા હોય છે. 'સમ્બન્ધ છે તો જીવન છે' એ શીર્ષક હેઠળ રજુ થયેલા વીચારોને માણીએ...'

અનુક્રમણીકા

પ્રત્યેક માણસના જીવનમાં સમ્બન્ધોનું સ્થાન ખુબ મહત્ત્વનું હોય છે. સમ્બન્ધો રચાય છે, તુટે છે, રચાય છે અને તુટે છે... જીન્દગીના છેલ્લા શ્વાસ સુધી આ સીલસીલો ચાલતો રહે છે. ચીન્તકો એક હકીકત ભારપુર્વક કહેતા આવ્યા છે કે કોઈ પણ સમ્બન્ધને આપણી પોતાની જીન્દગી કરતાં વધારે

મહત્ત્વ ન આપવું. નીકટતમ સમ્બન્ધ નન્દવાય ત્યારે આત્મહત્યા કરનારાઓ નાદાન છે, અબુધ છે તેથી એવું કરવા પ્રેરાય છે. પોતાને પ્રેમ કરનારા બેવફાઈ આચરીને જતા રહે, ત્યારે જાન આપી દેવાની તમન્ના ધરાવતાં છોકરા–છોકરીઓને કે યુવાન–યુવતીઓને માત્ર એક વર્ષ થોભી જવાની સલાહ આપીને મનોચીકીત્સકોએ ઘણાંની જીન્દગી બચાવ્યાનાં અનેક ઉદાહરણો છે. અરે, બે ત્રણ મહીનામાં જ પ્રેમવીચ્છેદનો વીષાદ બાષ્પીભુત થઈ જાય છે અને હડધુત થયેલો માણસ નવેસરથી પોતાની જીન્દગીને ગોઠવી લે છે! ખેર, આજે તો આપણે સમ્બન્ધ, પ્રેમ, મૈત્રી અને જીન્દગીને લગતા કેટલાક સુન્દર, હૃદયસ્પર્શી વીચારોને માણવાના છીએ :

– એક વ્યક્તી બીજી વ્યક્તીના પરીચયમાં આવતાં જ સમ્બન્ધોનો પાયો રચાઈ જાય છે. કેટલાકનો પાયો ખોદાઈને રહી જાય છે; જ્યારે કેટલાક મોટી ઈમારત બની જાય છે.

– સારા સમ્બન્ધો ઘડીયાળના કાંટા જેવા હોય છે. તેઓ કેટલોક સમય મળે છે; પરન્તુ હમ્મેશાં જોડાયેલા રહે છે.

– જો ‘હા’ અને ‘ના’ શબ્દો વચ્ચેનો –વચગાળાનો– કોઈ શબ્દ જગતને જડ્યો હોત તો ઘણા સંઘર્ષો અટકી ગયા હોત.

– નાની નાની દરકાર, ઝરણાં બનીને છેવટે સ્નેહનો દરીયો બને છે.

– ન્યાય એ ગણીતની વાત છે, ત્યાં હૃદયને કોઈ સ્થાન હોતું નથી; જ્યારે સમાધાન એ હૃદયની વાત છે; ત્યાં ગણીતને કોઈ સ્થાન હોતું નથી.

– સમ્બન્ધને સફળ બનાવવા માટે બે જણે પ્રયત્ન કરવો પડે છે; પરન્તુ તેને નીષ્ફળ બનાવવા માટે કોઈ એકની જ કોશીશ પુરતી થઈ પડે છે.

– ત્રણ બાબતોનું હમ્મેશાં ધ્યાન રાખવું; ‘વીશ્વાસ’, ‘વચન’ અને ‘સમ્બન્ધ’. કારણ કે એ તુટે ત્યારે અવાજ નથી કરતા, અને ક્યારે તુટ્યા તેની ખબરેય નથી પડતી અને પડે ત્યારે ઘણું મોડું થઈ ગયેલું હોય છે.

– આપણી મનપસન્દ અને મનગમતી બાબતો, ઘણી વખત આપણા જીવનના ધ્યેયની દુશ્મન પણ હોઈ શકે છે.

– તમારા માટે કોઈ રડે અને તમારે કારણે કોઈ રડે એ બેમાં મોટો ફરક છે.

– જીવનમાં જે મળ્યું હોય તે ગમે તેને ‘આનન્દ’ કહેવાય અને જે ગમતું હોય તે મળે તેને ‘સુખ’ કહેવાય.

– ધારેલું કશું ન બને અને ન ધારેલું બને તેનું નામ જ જીન્દગી.

– જીવન શાન્તીથી જીવવા બે રસ્તા અપનાવો; જેને તમે ભુલી શકતા નથી તેમને માફ કરી દો અને સમ્બન્ધ ચાલુ રાખો તથા જેને માફ કરી શકતા નથી તેમને ભુલી જાઓ.

– સમ્બન્ધ ભલે થોડા રાખો; પણ એવા રાખો કે હૈયે હરખની હેલી પડે, મોતના મુખમાંથી જીન્દગી વરસી પડે અને મૃત્યુ પછી સ્મશાનની રાખ પણ રડી પડે.

– જીદ્દ અને જીન્દગી વચ્ચે એક અક્ષરથી વધુ ફરક નથી... જીવનમાં જીન્દગી જીવવા માટે જીદ્દ કરો; પણ જીદ્દ કરવાથી જીન્દગીમાંથી કશું ખોવાઈ નહીં જાય તેનું ધ્યાન રાખો.

– આપણી દાનત ચમત્કારીક રીતે આપણો સ્વભાવ બની જાય છે.

– સમજ્યા વગર કોઈને પસન્દ ના કરતા, ના–સમજમાં કોઈને ગુમાવી ના દેતા! ગુસ્સો શબ્દમાં હોય છે, દીલમાં નહીં; એમાં સમ્બન્ધ ઉપર જ પુર્ણવીરામ મુકી ના દેતા.

– તમારા સમ્બન્ધોને સતત સાર્થક રાખો. કોઈ સમ્બન્ધ નાજુક થયો હોય તો એની માવજત કરો. છતાં જો કોઈ પ્રતીસાદ ન મળે તો એક કામ કરજો, માવજતનો ડોઝ થોડો વધારી દેજો... ઈટ વર્ક્સ...

– કોઈનાં સુખે સુખી થવું એ સમજી શકાય; પરન્તુ કોઈનાં દુઃખે આપણે મહાદુઃખ વહોરીએ, તો તેથી સામેની વ્યક્તીનાં દુઃખનો અંત નથી આવતો. સુખ ગુણાકારે વધે છે; પરન્તુ દુઃખ સમજણયુક્ત ભાગાકારે ઓછું થાય છે.

– ફરજ શબ્દ ભારે છેતરામણો છે. એ એવી વસ્તુ છે, જેની આપણે હમ્મેશાં બીજા પાસે જ અપેક્ષા રાખીએ છીએ.

– જીન્દગીમાં જે માગીએ છીએ તે બધું જ નથી મળતું અને મળે છે તેમાંનું ઘણું માગેલું નથી હોતું.

– સમય વીનાનો વરસાદ, દુઃખ વીત્યા પછી મળતી મદદ, મરણ પછી આવેલો વૈદ્ય અને આબરુ ગયા પછી મળનારું ધન, એ બધાં નકામાં છે.

– તમારા સમ્બન્ધમાં જે કંઈ બને છે તે અનુભવ નથી. બનાવ સમયે તમે જે રીતે વર્તો છો એ સાચો અનુભવ છે.

– તમારી દુઃખદ પરીસ્થીતી ભલે કોઈને હાસ્ય કે સુખ આપી જાય; પરન્તુ ધ્યાન રાખજો કે તમારું હાસ્ય કોઈને દુઃખ ન આપે; નહીંતર સજા મળશે. સાવધાન રહો!

– જે સાચું હોય તે હમ્મેશાં લોકપ્રીય નથી હોતું અને જે લોકપ્રીય હોય તે હમ્મેશાં સાચું નથી હોતું.

– બધા દ્વારા ભુલ થાય છે, એટલે જ તો પેન્સીલ સાથે સદાય રબર હોય છે.

– આપણાં દુઃખો, એ સામાન્ય પ્રકારના એલસીડી સ્ક્રીન જેવા છે. થોડુંક જ બાજુ પર ખસીને જોઈએ તો એ દુઃખો જરાયે દેખાશે નહીં. બસ, થોડો ઍન્ગલ (અભીગમ) બદલતા આવડવું જોઈએ...

– અભ્યાસ, નોકરી અને લગ્ન – આ ત્રણેય અત્યન્ત વેગપુર્વક માણસને બીબાંઢાળ જીન્દગી તરફ ખેંચી જનારા છે. આ ત્રણેયમાંથી પસાર થયા બાદ પણ; જો વ્યક્તી સર્જનાત્મક રહી શકે તો સમજવું કે તે ખરેખર જન્મજાત કલાનો ઉપાસક છે.

– હું એવું કહેવા ઈચ્છું છું કે, જો સમ્બન્ધ કાયમ ટકવાનો ન હોય; તો તેણે થોડા સમય માટે મારો સમય અને મારી શક્તી વેડફવાની શી જરુર છે?

– જ્યારે તમે, સામેનો માણસ પુર્ણ (પરફેક્ટ) હોય તેવી અપેક્ષા રાખવાનું બન્ધ કરો છો; ત્યારે તમે તેને 'જેવો છે તેવો' ચાહી શકો છો.

– હું જે પણ પુરુષને મળી, તે મને બચાવવા ઈચ્છતો હતો; પરન્તુ મને એ ન સમજાયું કે કોનાથી?

– જીન્દગીમાં તમને એ વાતનો અહેસાસ થશે કે તમે જેમને પણ મળો છો; એક હેતુ હોય છે એ મુલાકાત પાછળ. કેટલાક તમારી કસોટી કરશે; કેટલાક તમારો ઉપયોગ કરશે. કેટલાક તમને કંઈક શીખવી જશે; પરન્તુ સૌથી મહત્ત્વની વાત એ છે કે કેટલાક તમારામાં જે શ્રેષ્ઠ પડેલું છે તેને બહાર લાવવામાં તમને મદદ કરશે.

– પ્રેમ એટલે જ અન્યને, આપણને પીડા પહોંચાડવાની (હર્ટ કરવાની) તક આપવી અને સાથે સાથે એવો વીશ્વાસ રાખવો કે તેઓ એવું નહીં કરશે.

– કુદરત કેટલી સુન્દર રીતે તમારા જીવનમાં એક દીવસનો ઉમેરો કરે છે! તમારે તેની જરુર છે એટલા માટે નહીં; પરન્તુ બીજાને તમારી જરુર છે એટલા માટે.

– ભગવાને પુછ્યું : 'ક્ષમા એટલે શું?' નાનકડી છોકરીએ ઉત્તર આપ્યો, 'કોઈ પથ્થર ફેંકીને હર્ટ કરે; ત્યારે વૃક્ષ દ્વારા મીઠાં ફળની ભેટ ધરવી તે!'

– માણસો કે સંજોગોને કારણે અપસેટ થશો નહીં. તમારા પ્રતીભાવ વગર તેઓ પાંગળા છે!

– સૈનીક : ‘સર, આપણે બધી દીશાઓમાં દુશ્મનો દ્વારા ઘેરાઈ ગયા છીએ.’


– હીટલર : ‘ખુબ સરસ, આપણે કોઈ પણ દીશામાંથી હુમલો કરી શકીએ છે!’ જોયું? તમારો ઍટીટ્યુડ–અભીગમ તમારી જીન્દગીને નીર્ધારીત કરે છે.



મેઘધનુષ

‘ઈન બોક્સ’માં ઝાઝું ના રાખવું,
‘મોબાઈલ’ હોય કે ‘આપણું મન.’

...અજ્ઞાત...



A

બીજા કરતાં આગળ જવાનો પ્રયત્ન કરવા કરતાં; આપણે છીએ ત્યાંથી જ એક ડગલું આગળ જવાનો પ્રયત્ન કરવો જોઈએ અને એ રીતે જ આપણો વીકાસ શક્ય છે.

બીજાની સરખામણીમાં આગળ રહેવાની વૃત્તીને કારણે, આપણી શક્તી આપણા વીકાસ માટે વપરાવાને બદલે; બીજાનો હ્રાસ કરવા માટે વપરાવાનો સંભવ છે. આ એક નીષેધાત્મક વલણ છે અને તે આપણને આગળ જતા રોકે છે.

શહેનાઈનવાઝ બીસ્મીલ્લાખાન કોના કરતાં આગળ જવા પ્રયત્ન કરતા હતા?

–વીક્રમ દલાલ

inkabhai@gmail.com

(સૌજન્ય : તાણાવાણા – 14 સંપાદક : ઉમેદ નન્દુ)

અનુક્રમણીકા

B

યાદ મુકી જવાનો
આ જ રસ્તો છે...
કાં એવું લખો, કે
લોકો વાંચ્યા કરે;
અથવા
એવું જીવો, કે
લોકો લખ્યા કરે...

...અજ્ઞાત...

જીન્દગીનું ગણીત છે સાહેબ!
વીકલ્પો વધુ હોય ત્યાં,
સમ્બન્ધની કીમ્મત ઘટતી જાય છે...

...અજ્ઞાત...

અનુક્રમણીકા

C


દીકરી સ્નેહ સમ્બન્ધનો મોભારો છે
મોગરાની મહેક
ગુલાબની ભવ્યતા
પારીજાતની દીવ્યતા
કોઈ ઝાકળબીન્દુમાં
એકઠી થાય ત્યારે
એને 'દીકરી' નામ અપાય છે!!

...ગુણવંત શાહ

અનુક્રમણીકા

D

(પુસ્તીકાનું અન્તીમ પૃષ્ઠ)



અનુક્રમણીકા